RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 143 Dt. 16-12-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

# પહેલગામ હુમલો લશ્કર કમાન્ડર સાજીદનું કાવતરું

## ઓક્ટોબર ૨૦૨૨ માં, સાજિદ જટ્ટને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ અધિનિયમ હેઠળ આતંકવાદી જાહેર કર્યો 'તો




નવીદિલ્હી, તા. ૧૫

રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ સોમવારે પહેલગામ આતંકવાદી હુમલા કેસમાં સાત આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરી છે. ચાર્જશીટમાં પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા (LeT)/ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (TRF) ના સભ્યોનો સમાવેશ થાય છે. ચાર્જશીટમાં પાકિસ્તાનના કાવતરા, આરોપીઓની ભૂમિકા અને કેસ સંબંધિત સહાયક પુરાવાઓની વિગતો આપવામાં આવી છે. ગઈઅ ચાર્જશીટમાં પહેલગામ હુમલાના આયોજન, સમર્થન અને અમલમાં મૂકવા માટે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા/ TRF ને કાનૂની એન્ટિટી તરીકે આરોપ મૂકવામાં આવ્યો છે.

સોમવારે જમ્મુમાં NIA સ્પેશિયલ કોર્ટ સમક્ષ દાખલ કરાયેલી ૧,૫૯૭ પાનાની ચાર્જશીટમાં પાકિસ્તાની હેન્ડલર આતંકવાદી સાજિદ જટ્ટનું પણ આરોપી તરીકે નામ છે. NIA ચાર્જશીટમાં ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓનું પણ નામ છે જેમને જુલાઈ ૨૦૨૫ માં શ્રીનગરના દાચીગામમાં ઓપરેશન મહાદેવ દરમિયાન ભારતીય સુરક્ષા દળો દ્વારા ઘાતક આતંકવાદી હુમલાના થોડા અઠવાડિયા પછી માર્યા ગયા હતા. આ ત્રણેયની ઓળખ ફૈઝલ જટ્ટ ઉર્ફે સુલેમાન શાહ, હબીબ તાહિર ઉર્ફે જિબ્રાન અને હમઝા અફઘાની તરીકે કરવામાં આવી છે. સાજિદ જટ્ટ પાકિસ્તાની નાગરિક છે અને પંજાબ પ્રાંતના કાસુર જિલ્લાનો રહેવાસી છે. સાજિદ જટ્ટનું સાચું નામ હબીબુલ્લાહ મલિક છે. જો કે, તેને સૈફુલ્લાહ, નુમી, નુમાન, લંગડા, અલી સાજિદ, ઉસ્માન હબીબ અને શાની જેવા અનેક ઉપનામોથી પણ ઓળખવામાં આવે છે. ઓક્ટોબર ૨૦૨૨ માં, સાજિદ જટ્ટને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ વ્યક્તિગત આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો.

તપાસ એજન્સીઓને શંકા છે કે સાજિદ જટ્ટ પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં લશ્કર-એ-તોયબાના મુખ્યાલયથી જૂથનું સંચાલન કરી રહ્યો છે. સાજિદ ભટ્ટ માત્ર TRFનો ઓપરેશનલ ચીફ નથી પણ ખીણમાં ભરતી, ભંડોળ અને ઘૂસણખોરી માટે પણ જવાબદાર છે. સાજિદ જટ્ટને કાશ્મીરમાં આતંકવાદી નેટવર્કનો સૌથી ખતરનાક ચહેરો માનવામાં આવે છે.

પહેલગામ હુમલામાં ગઈઅ ચાર્જશીટ પાકિસ્તાનના કાવતરા, આરોપીઓની ભૂમિકાઓ અને કેસ સંબંધિત સહાયક પુરાવાઓનું વિગતવાર વર્ણન પ્રદાન કરે છે. તે પ્રતિબંધિત લશ્કર-એ-તૈયબા (LeT) અને ઝછ્રક્ર (ટ્રિબ્યુનલ ફ્રન્ટ) ને પહેલગામ હુમલાના આયોજન, સમર્થન અને અમલમાં મૂકવા માટે કાનૂની સંસ્થાઓ તરીકે આરોપ મૂકે છે. આ હુમલામાં પાકિસ્તાન સમર્થિત આતંકવાદીઓ દ્વારા ધર્મ આધારિત લક્ષિત હત્યાઓનો સમાવેશ થતો હતો, જેમાં ૨૫ પ્રવાસીઓ અને એક સ્થાનિક નાગરિકનું મૃત્યુ થયું હતું.

NIA દ્વારા દાખલ કરાયેલ ૧,૫૯૭ પાનાની ચાર્જશીટમાં આતંકવાદી સાજિદ જટ્ટ, એક પાકિસ્તાની હેન્ડલર અને જુલાઈ ૨૦૨૫ માં શ્રીનગરના દાચીગામમાં ઓપરેશન મહાદેવ દરમિયાન ભારતીય સુરક્ષા દળો દ્વારા માર્યા ગયેલા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓનું નામ છે. આ ત્રણેયની ઓળખ ફૈઝલ જટ્ટ ઉર્ફે સુલેમાન શાહ, હબીબ તાહિર ઉર્ફે જિબ્રાન અને હમઝા અફઘાની તરીકે કરવામાં આવી છે.

# મોહાલીમાં કબડ્ડી મેચ દરમિયાન ગોળીબાર

## કબડ્ડી ખેલાડી અને પ્રમોટર રાણા બાલાચૌરિયાનું મોત : સેલ્ફી લેવાના બહાને હુમલાખોરો પહોંચ્યા હતા ખેલાડીઓ પાસે



નવીદિલ્હી, તા. ૧૫

સોમવારે, પંજાબના મોહાલીના સોહાના વિસ્તારમાં એક ખાનગી કબડ્ડી ટુર્નામેન્ટ દરમિયાન મોટરસાઈકલ પર આવેલા બે-ત્રણ અજાણ્યા હુમલાખોરોએ ગોળીબાર કરતા સનસનાટી મચી ગઈ. કબડ્ડી ખેલાડી અને પ્રમોટર રાણા બાલાચૌરિયાના ચહેરા અને શરીરના ઉપરના ભાગમાં ચારથી પાંચ ગોળીઓ વાગી હતી. તેમને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા પરંતુ બાદમાં તેમનું મોત નીપજ્યું હતું. મોહાલીના પોલીસ અધિક્ષક હરમનદીપ હંસના જણાવ્યા અનુસાર, હુમલાખોરો સેલ્ફી લેવાના બહાને ખેલાડીઓ પાસે પહોંચ્યા હતા. રાણા બાલાચૌરિયા રોકાતાની સાથે જ તેઓએ અચાનક ગોળીબાર શરૂ કરી દીધો. તેમને તાત્કાલિક મોહાલીની ફોર્ટિસ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમની હાલત ગંભીર રહી. સારવાર દરમિયાન થોડા સમય પછી તેમનું મૃત્યુ થયું. પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે ગોળીબાર ખૂબ નજીકથી કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના બાદ હુમલાખોરો મોટરસાઈકલ પર ભાગી ગયા હતા. પોલીસે વિસ્તારમાં સુરક્ષા વધારી દીધી છે અને સીસીટીવી ફૂટેજ અને સોશિયલ મીડિયા પ્રવૃત્તિની સમીક્ષા કરી રહી છે. હત્યામાં ગેંગસ્ટર કનેક્શન હોવાની શક્યતા પણ તપાસ હેઠળ છે. જોકે બંબીહા ગેંગ આ ઘટનામાં સંડોવાયેલી હોવાનું જણાવાઈ રહ્યું છે, પરંતુ પોલીસે તેની ઔપચારિક પુષ્ટિ કરી નથી. પોલીસ એ પણ તપાસ કરી રહી છે કે શું આ ઘટનાનો કોઈ પ્રખ્યાત પંજાબી ગાયક સાથે કોઈ સંબંધ છે જે ગોળીબારના થોડા સમય પહેલા કબડ્ડી સ્થળ પર હાજર થવાનો હતો. સોશિયલ મીડિયા પર બંબીહા ગેંગ દ્વારા બનાવેલી એક પોસ્ટ વાયરલ થઈ છે, જેમાં સોહાનામાં રાણા બાલાચૌરિયાની હત્યાની જવાબદારી લેવામાં આવી છે. આ ઘટનાને સિદ્ધુ મૂસેવાલાની હત્યાનો બદલો લેવા સાથે જોડવામાં આવી છે.

પ્રત્યક્ષદર્શીઓ કહે છે કે શરૂઆતમાં લોકોને લાગ્યું કે ફટાકડા ફોડવામાં આવી રહ્યા છે. હુમલાખોરોએ દર્શકોમાં ગભરાટ ફેલાવવા માટે હવામાં ગોળીબાર પણ કર્યો હતો. એવું કહેવાય છે કે ટુર્નામેન્ટના સાંજના મેચ દરમિયાન ઈનામ વિતરણ સમારોહ માટે એક પ્રખ્યાત પંજાબી ગાયક પરફોર્મ કરવાના હતા, જેના કારણે સ્થળ પર મોટી ભીડ એકઠી થઈ હતી. પોલીસ હાલમાં આ મામલાની સંપૂર્ણ તપાસ કરી રહી છે. દરમિયાન, શિરોમણી અકાલી દળના પ્રમુખ અને ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રી સુખબીર સિંહ બાદલે હત્યા માટે અઅઙ સરકારને જવાબદાર ઠેરવી હતી. તેમણે કહ્યું કે મોહાલી ટુર્નામેન્ટ દરમિયાન કબડ્ડી ખેલાડી અને પ્રમોટરની હત્યા પંજાબમાં કાયદો અને વ્યવસ્થાની સંપૂર્ણ નિષ્ફળતાનો પુરાવો છે. તેમણે આરોપ લગાવ્યો કે ગુનેગારો એટલા હિંમતવાન થઈ ગયા છે કે તેઓ જાહેર કાર્યક્રમો પર ગોળીબાર કરવાનો આશરો લઈ રહ્યા છે.

### ધોરણ પાંચ સુધીની તમામ શાળાઓ ઓનલાઈન કરવા આદેશ , બહાર ન નીકળવા તબીબોની તાકીદ

# દિલ્હીમાં પ્રદૂષણનું જોખમ: AQI 450 પાર



નવીદિલ્હી, તા. ૧૫

સોમવારે સાંજે દિલ્હીમાં પવનની ગતિમાં વધારો થવાને કારણે, પ્રદૂષણમાં થોડો ઘટાડો થયો હતો પરંતુ સતત ત્રીજા દિવસે રાષ્ટ્રીય રાજધાનીમાં ગેસ ચેમ્બર જેવી સ્થિતિ રહી. સોમવારે સાંજે, દિલ્હીમાં સરેરાશ AQI ૪૨૭ પોઈન્ટ નોંધાયું હતું. દિલ્હીમાં ૧૧ સ્થળોએ ૪૫૦ થી ઉપર અચઈ નોંધાયું હતું. AQIની આ શ્રેણીને ગંભીર પ્લસ શ્રેણીમાં રાખવામાં આવી છે. દરમિયાન, હવામાન વિભાગે મંગળવારે વધુ ઝડપી પવનની ગતિની આગાહી કરી છે. દિલ્હીમાં દિવસ તડકો હતો અને ૧૫ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. આને કારણે, પ્રદૂષણ સ્તરમાં થોડા પોઈન્ટનો સુધારો થયો હતો. તેમ છતાં, આનંદ વિહારમાં AQI ૪૬૭, અશોક વિહારમાં ૪૭૨, DTUમાં ૪૬૧, જહાંગીરપુરીમાં ૪૭૬, મુંડકામાં ૪૫૫, નેહરુ નગરમાં ૪૫૭, પટપડગંજમાં ૪૫૨, પંજાબી બાગમાં ૪૭૦, સિરી ફોર્ટમાં ૪૬૬, વિવેક વિહારમાં ૪૬૯, વઝીરપુરમાં ૪૮૨ નોંધાયું હતું.

CPCB અનુસાર, સોમવારે દિલ્હીનો સરેરાશ હવા ગુણવત્તા સૂચકાંક ૪૨૭ પોઈન્ટ નોંધાયો હતો. આ સ્તરે હવાની ગુણવત્તા ગંભીર માનવામાં આવે છે. એક દિવસ પહેલા, રવિવારે, દિલ્હીમાં AQI ૪૬૧ પોઈન્ટ નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં AQI માં ૩૪ પોઈન્ટનો સુધારો થયો છે. હવામાન વિભાગે આવતીકાલે પવનની ગતિમાં વધારો થવાની આગાહી કરી છે. પ્રદૂષણ ઘટશે કે કેમ તે જોવાનું બાકી છે...

CPCB મુજબ, સોમવારે બપોરે ૩ વાગ્યે દિલ્હી-NCR હવામાં સરેરાશ PM ૧૦ સ્તર ૩૮૮.૭ માઈક્રોગ્રામ હતું, જ્યારે સરેરાશ PM ૨.૫ સ્તર પ્રતિ ઘન મીટર ૨૬૧ માઈક્રોગ્રામ હતું. જ્યારે PM ૧૦ સ્તર ૧૦૦ થી નીચે હોય અને PM ૨.૫ સ્તર ૬૦ થી નીચે હોય ત્યારે સ્વસ્થ હવાને સ્વસ્થ માનવામાં આવે છે. આમ, દિલ્હી-NCR હવામાં પ્રદૂષકોનું સ્તર ભલામણ કરેલ ધોરણો કરતા લગભગ ચાર ગણું વધારે રહે છે. આ કટોકટી નવી દિલ્હીથી આગળ પણ ફેલાયેલી છે. સોમવારે ગ્રેટર નોઈડા (૪૪૭), ગાઝિયાબાદ (૪૪૪) અને નોઈડા (૪૩૭) જેવા નજીકના શહેરોમાં ''ગંભીર'' AQI સ્તર નોંધાયું હતું, જ્યારે બહાદુરગઢ (૩૭૪) અને મેરઠ (૩૬૦) ''ખૂબ જ ખરાબ'' શ્રેણીમાં રહ્યા હતા. ગુરુગ્રામ અને માનેસર ૩૨૫ અને ૩૪૫ ની વચ્ચે રહ્યા, જે હજુ પણ ખતરનાક રીતે પ્રદૂષિત છે.

# રાજકોટના ૨.૬૧ લાખ મતદારોએ નથી કરાવ્યું મેપિંગ

## ૯.૭૭ લાખ મતદારોની મેપિંગ પ્રક્રિયા ચાલુ : કુલ ૨૩.૯૧ લાખ મતદારોમાંથી ૨૦.૫૨ લાખ વેરીફાઈડ



રાજકોટ, તા. ૧૫

સમગ્ર દેશમાં મતદાર સુધારણા કામગીરી હાલ ચાલી રહી છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા કામગીરી પૂરી ન થઈ હોય તે તમામ રાજ્યો માટે ખાસ મુદત લંબાવવામાં આવી હતી જેના ભાગરૂપે ગુજરાતની પણ મુદત ૧૪ તારીખ સુધી લંબાવવામાં આવી હતી. જેમાં જે પણ કામગીરી બાકી રહી ગઈ હોય તો તેને પૂર્ણ કરવાની તાકીદ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી. રાજકોટ જિલ્લાની વાત કરવામાં આવે તો આશરે સો ટકા જેટલી કામગીરી પૂર્ણ કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ ૨૩.૯૧ લાખ મતદારો જિલ્લામાં નોંધાયેલા છે જેમાંથી ૨.૬૧ લાખ મતદારોનું મેપિંગ હજુ બાકી છે. જે એક માસની અંદર કોણ થઈ જાય તે પ્રકારની વ્યવસ્થા જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવી હોવાનું જણાવ્યું છે. મતદાર સુધારણા ની કામગીરીમાં કોઈ તબક્કા નિર્ધારિત કરવામાં આવ્યા નથી પરંતુ કામગીરીની વાત કરવામાં આવે તો સૌથી પહેલા મતદારોને એનયુમરેશન ફોર્મ આપવું ત્યારબાદ બી.એલ.ઓ એટલે કે બુથ લેવલ ઓફિસર દ્વારા તેને કલેક્ટ કરવા ત્યારબાદ બે શનિવાર અને બે રવિવાર બુથ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું અને અંતે મતદારોનું મેપિંગ કરવાની કામગીરી હાથ ધરાઈ હતી. હાલા કામગીરી હજુ પણ યથાવત રીતે ચાલુ છે. જીલા વહીવટી તંત્રના સૂત્રોના જણાવ્યા અનુસાર જે મતદાર હોય પોતાનું મેપિંગ નથી કરાવ્યું એવા તમામ મતદારોને ચૂંટણી અધિકારી દ્વારા નોટિસ મોકલવામાં આવેલી છે અને તેની સાથે આ કામગીરીમાં મદદનીશ ચૂંટણી અધિકારી પણ જોડાયા છે.

મળતી માહિતી મુજબ જે મેપિંગ મતદારો નહીં કરાવે તો ૨૦૦૨ ની યાદીમાં નથી તેમ સમજી તેમનું નામ દૂર કરવામાં આવશે. હાલ ચૂંટણી અધિકારી દ્વારા મતદારોના વાંધા સુચનો સાંભળવામાં આવશે અને ત્યારબાદ જ નિર્ણય લેવાશે કે તેઓના નામ મતદાર યાદીમાં રાખવા કે કેમ ? આ કામગીરી અત્યંત જટિલ હોવાના કારણે જિલ્લા કલેકટર દ્વારા ૨૦૦ ચૂંટણી મતદાર નોંધણી અધિકારીના ઓર્ડર કર્યા છે જે અંગેની દરખાસ્ત હાલ ચૂંટણી પંચમાં મોકલવામાં આવી છે જેમાં મંજૂરી મળતાની સાથે જ આ તમામ અધિકારીઓ આ કામગીરીમાં લાગી જશે. સાથોસાથ સંબંધિત સૂત્રોના જણાવ્યા અનુસાર હાલ આ કામગીરી કરવા માટે એક માસનો સમય આપવામાં આવ્યો છે જેની અંદર આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.

રાજકોટમાં ૨૩.૬૧ લાખ મતદારોમાંથી ૮૯૨૯૨ મતદારો મૃત હોવાનું માલુમ પડ્યું છે જ્યારે ૬૧૨૭૪ મતદારો ગેરહાજર હોવાનું માલુમ પડ્યું તો ૧,૬૯,૬૦૬ મતદારોનુ સ્થળાંતર થયું હોવાનું માલુમ પડ્યું છે. વધુમાં આંકડાકીય માહિતી આપતા સૂત્રોએ જણાવ્યું હતું કે હાલ ૨૦, ૫૨,૦૦૬ મતદારો વેરીફાઈ થઈ ચૂક્યા છે જેમાંથી ૮,૧૩,૪૮૬ મતદારોએ સેલ્ફ મેપિંગ કરી લીધું છે જેથી જિલ્લા વહીવટી તંત્રનું જે કામનું ભારણ છે તે ઘણા ખરા હશે ઘટી ગયું છે. જ્યારે ૯,૭૭,૩૩૬ મતદારોનું મેપિંગ કાર્ય હાલ કાર્યરત છે તો ૨,૬૧,૧૮૪ મતદારોનું મેપિંગ હજુ સુધી થયું નથી. ત્યારે આ તમામને ખાસ નોટિસ પાઠવવામાં આવશે અને ૩૦ દિવસ ના સમયગાળામાં વાંધા સૂચનો સાંભળવામાં આવ્યા બાદ ચૂંટણી અધિકારી દ્વારા નિર્ણય લેવામાં આવશે કે તેમના નામ રાખવા કે કાઢી નાખવા.

### રાજ્યમાં SIR કામગીરીમાં ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે

ભારતના ચૂંટણી પંચની સૂચના અનુસાર ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. ગત તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૫થી રાજ્યભરમાં શરૂ કરવામાં આવેલી SIR (સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન) ઝુંબેશનો ગણતરીના તબક્કાની ખુબ અસરકારક કામગીરી જોવા મળી છે. SIRની જાહેરાત બાદથી જ રાજ્યભરમાં ૫.૦૮ કરોડ મતદારોને ગણતરી ફોર્મના વિતરણથી માંડી તેના ડિજીટાઈઝેશનની કામગીરી મિશન મોડ પર કરવામાં આવી છે. આ દરમિયાન કુલ જે નાગરિકોના અવસાન, કાયમી સ્થળાંતર, ગેરહાજર સહિતના વિવિધ કારણોથી પાછા ન મળેલા ફોર્મની ખરાઈ માટે બૂથ લેવલ ઓફિસર અને રાજકીય પક્ષોના બૂથ લેવલ એજન્ટો વચ્ચે બેઠકોનું આયોજન કરવામાં આવ્યું હતું જે ૧૦૦ ટકા સફળ રહ્યું છે. તમામ જિલ્લાઓમાં આ પ્રકારની બેઠકોના અંતે જે-તે વિધાનસભા મતવિસ્તારમાં ભાગ પ્રમાણે જે મતદારોના ફોર્મ પાછા નથી આવ્યા તેમની યાદી જિલ્લા ચૂંટણી અધિકારી અને મુખ્ય નિર્વાચન અધિકારી (CEO) ની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવી છે. ૫.૦૮ કરોડ ફોર્મ પૈકી ASD (ગેરહાજર, સ્થળાંતરિત અને મૃત્યુ) યાદીમાં ધ્યાને આવેલી ૧૦.૬૯ લાખ વિસંગતતાઓની ચકાસણી પૂર્ણતાને આરે છે. રાજ્યના કુલ ૩૩ પૈકી ૨૬ જિલ્લાઓની ASD યાદીમાં શૂન્ય વિસંગતતાઓ છે. જ્યારે અન્ય ૦૭ જિલ્લાઓમાં મળી માત્ર ૧૧ વિસંગતતાઓના કિસ્સામાં ખરાઈની પ્રક્રિયા પ્રગતિમાં છે. આમ, આ મતદાર યાદીની શુદ્ધતા અને સર્વસમાવેશીતાના ધ્યેય સાથે અમલમાં મુકાયેલી ખાસ સઘન સુધારણા ઝુંબેશના ગણતરીના તબક્કામાં ગુજરાતનું નોંધપાત્ર પ્રદર્શન જોવા મળી રહ્યું છે.

# શ્વેતાર્ક ગણેશ પુજન તમામ મનોકામના સિદ્ધ કરે છે



રાજકોટ તા. ૧૫
રિદ્ધિ સિદ્ધિના દાતા ગજાનન ગણપતિના અનેક સ્વરૂપોમાં એક શ્વેતાર્ક ગણેશ પણ છે. ભગવાન શ્રી ગણેશને જેમ દુર્વા અતિ પ્રિય છે તેમ સદાશિવ મહાદેવને , રૂદ્રાવતાર હનુમાનજી મહારાજને આંકડાના પુષ્પો પણ અતિ પ્રિય છે. આંકડાના છોડ બે પ્રકારના હોય છે. એકમાં આછાં જાંબલી રંગના ફૂલ હોય છે તો એકમાં સફેદ રંગના.

આંકડાના છોડના મુળમાં ગણેશજીનો વાસ હોય છે. એમાં પણ સફેદ આંકડાના છોડનાં મુળમાંથી જો ગણેશ આકૃતિ મળે તો તે અતિ ઉત્તમ, રિદ્ધિ સિદ્ધિના દાતા, સંકટ નાશન ગણાય છે. સંસ્કૃતમાં સફેદ રંગને શ્વેત કહેવાય છે આ મુજબ સફેદ આંકડાના છોડના મુળમાંથી મળતી ગણેશ પ્રતિમા શ્વેતાર્ક ગણેશ તરીકે પ્રસિદ્ધ છે. આ મૂળનો આકાર ગણેશજી જેવો હોય છે

ઘરમાં શ્વેતાર્ક ગણેશની પ્રતિમા રાખવાથી સુખ-સમૃદ્ધિનો કાયમ વાસ રહે છે. ભગવાન ગણેશના અનેક રૂપોમાંથી એક ચમત્કારી રૂપ સફેદ આંકડાના ગણેશ છે. એ જ શ્વેતાર્ક ગણેશ તરીકે ઓળખાય છે. પ્રાચીન માન્યતા મુજબ આંકડાના ગણેશજીની પૂજાથી ધન, સુખ-સૌભાગ્ય, ઐશ્વર્ય અને સફળતા પ્રાપ્ત થાય છે. જો શ્વેતાર્ક ગણેશજીની પ્રતિમા તિજોરીમાં રાખવામાં આવે તો સ્થાયી સંપત્તિની પ્રાપ્તિ થાય છે. ઘરમાં રિદ્ધિ-સિદ્ધિની કાયમ વૃદ્ધિ થતી રહે છે અને દરેક કાર્યમાં લાભ પ્રાપ્ત થાય છે.

જ્યોતિષ અને અધ્યાત્મ

## પછી પંચોપચાર અથવા ષોડશોપચાર પૂજન કરી નીચેના મંત્રની ૧ માળા જપ કરવો

- ૐ પંચાકતમ્ ૐ અંતરિક્ષાય સ્વાહા
- પછી આ મંત્રથી હવન કરવો :
- ૐ હ્રીં પુર્વદયામ્ ૐ હ્રીં ફટ્ સ્વાહા
- હવનમાં ૧૦૮ આહુતિ આપવી. લાલ કનેરનાં ફૂલ, મધ અને ગાયના શુદ્ધ ઘીથી આહુતિનું વિધાન છે.
- પછી ગણપતિ કવચનો ૩ વાર પાઠ અને ગણેશ અથર્વશીર્ષનો ૧૧ વાર પાઠ કરવો. ત્યારબાદ ૐ ગં ગણપતયે નમઃ મંત્રની ૧૧ માળા જપ અને બાદમાં રોજ ઓછામાં ઓછી એક માળા જપ કરવો.

## છેલ્લે આ મંત્ર સાથે બિડુ હોમવુ

- ૐ હ્રીં શ્રીમ્ માનસે
  સિદ્ધિ ક્રિમ્ હ્રીં નમઃ
- આ પછી લાલ કનેરનાં પુષ્પો નદી કે સરોવરના વહેતાં જળમાં વિસર્જિત કરવા.
- આયુર્વેદિક મહત્વ : આયુર્વેદમાં પણ આંકડાના છોડનુ મહત્વ દર્શાવવામાં આવ્યું છે માન્યતા છે કે આંકડાના યોગ્ય ઉપયોગથી ચામડીના રોગ, પાચન સમસ્યા, પેટનાં રોગ, ટ્યુમર, સાંધાના દુખાવો, ઘા અને દાંતનાં દુખાવામાં રાહત થાય છે. આ છોડમાંથી નીકળતો દૂધ જેવો સફેદ પદાર્થ ટાલ પડતી રોકે છે અને વાળ ખરતા અટકાવવા માટે ઉપયોગી માનવામાં આવે છે. શ્વેત આંકડા ના ફૂલ, છાલ અને જડ દમ જેવી શ્વાસની બીમારી અને ખાંસીમાં લાભકારી માનવામાં આવે છે. જો કે, આ તમામ બાબતોમાં ઉપયોગ કરતા પહેલા નિષ્ણાંતો કે જાણકારોની સલાહ અને માર્ગદર્શન લઈને પ્રયોગ કરવો જોઈએ.
- ધાર્મિક મહત્વ : ધાર્મિક રીતે શ્વેત આંકને કલ્પવૃક્ષ જેમ વરદાયક માનવામાં આવ્યો છે. શ્રદ્ધાપૂર્વક આ છોડને પ્રાર્થના કરવામાં આવે તો ઈચ્છાઓ મનોકામના પૂર્ણ થાય છે. પણ, ઈચ્છા અને મનોકામના શુદ્ધ હોવી જોઈએ. એવી પણ માન્યતા છે કે પુષ્ય નક્ષત્રમાં વિશેષ વિધી વડે આ જડને ઘરમાં સ્થાપિત કરવામાં આવે તો ત્યાં સ્થાયી લક્ષ્મીનો વાસ રહે છે.
- તંત્રશાસ્ત્ર મુજબ મહત્ત્વ : તંત્રશાસ્ત્ર મુજબ શ્વેતાર્ક ગણપતિની પૂજા થી ઋદ્ધિ-સિદ્ધિ મળે છે. આ પ્રતિમાની નિત્ય પૂજા થી ઘરમાં ધન-ધાન્યની વૃદ્ધિ થાય છે અને લક્ષ્મીજીનું નિવાસ બને છે. પૂજન દ્વારા શત્રુભય દૂર થાય છે. શ્વેતાર્ક ગણેશ પ્રતિમા સામે રોજ ગણેશ મંત્ર ૐ ગં ગણપતયે નમઃ નો જપ કરવાથી ગણેશજીનો આશીર્વાદ અને કૃપા પ્રાપ્ત થાય છે.

## આંકડાના ગણેશ સાથે જોડાયેલી કથાઓ

શાસ્ત્રોમાં ઉલ્લેખ મુજબ શ્વેતાર્ક ગણેશજી આંકડાના છોડની જડમાં પ્રગટ થાય છે. આંકડાને ''આક'' પણ કહેવામાં આવે છે. આંકડાનાં ફૂલ શિવલિંગ પર અર્પિત કરવામાં આવે છે. આંકડાના છોડની એક દુર્લભ પ્રજાતિ છે સફેદ આંકડો. આ સફેદ આંકડાની જડમાં જ શ્વેતાર્ક ગણપતિની પ્રતિમા જેવી રચના બને છે. આ છોડની ઓળખ એ છે કે તેના ફૂલ સફેદ હોય છે. કોઈપણ છોડની જડમાં ગણપતિનું આકાર બને તે માટે અનેક વર્ષોનો સમય લાગી શકે છે. બજારમાં પૂજન સામગ્રીની દુકાનોમાં શ્વેતાર્ક ગણેશ પ્રાપ્ત થઈ શકે છે. સફેદ આંકડાની જડ પ્રાપ્ત થયા પછી તેને કેટલીક દિવસ સુધી પાણીમાં રાખી મુકવામાં આવે છે. જ્યારે, આ જડને પાણીમાંથી કાઢવામાં આવે છે, ત્યારે તેમાં ભગવાન ગણેશના શરીરની રચના દેખાવા લાગે છે.

## શ્વેતાર્ક ગણેશથી જોડાયેલી ખાસ વાતો

સફેદ આંકડાના દરેક છોડની જડમાં ગણેશજીની સૂંઢ, મુળમાં ગણેશજીના શરીર, આસપાસની શાખાઓમાં ભુજા એટલે કે હાથ અને સૂંઢ જેવી રચના દેખાય છે. કેટલાક છોડની જડમાં બેઠેલા ગણેશની જેમ આકાર પણ જોવા મળે છે. આંકડામાં ગણેશજીનું વાસ પ્રાચીન સમયથી માનવામાં આવે છે. જેમ કે પિપળો, આંબળો, વટ વૃક્ષની પૂજા થાય છે, તેવી જ રીતે શાસ્ત્રોમાં બિલ્વ વૃક્ષમાં શિવનું વાસ અને આંકડાના છોડમાં શ્રીગણેશનું વાસ માનવામાં આવે છે. આંકડાની જડમાં દેખાતી શ્રીગણેશની પ્રતિમા એનો પુરાવો છે. કાર્યોમાં સફળતા માટે આંકડાના ગણેશજીની પૂજાનું વિશેષ મહત્વ છે. આ ગણેશજીનું પ્રાકૃતિક અને ચમત્કારી સ્વરૂપ છે. માન્યતા છે કે, જ્યાં આંકડાના ગણેશની રોજ પૂજા થાય છે, ત્યાં દુઃખ દારિદ્રય, રોગ અને પરેશાનીઓનો વાસ રહેતો નથી. આ પ્રતિમાનાં પૂજનથી સુખ-સફળતા સાથે ધન-વૈભવની પણ પ્રાપ્તિ થાય છે. શ્વેતાર્ક ગણેશનું સ્થાપન અને પૂજન કેવી રીતે કરવું. શ્વેતાર્ક ગણપતિની પ્રતિમા પૂર્વ દિશામાં જ સ્થાપિત કરવી. પૂજનમાં લાલ કનેરનાં પુષ્પોનો અવશ્ય ઉપયોગ કરવો. લાકડાના પાટલા કે બાજોઠ પર પીળું રેશમી કાપડ બિછાવી તેના પર એક થાળી મૂકી, કુમકુમ અથવા સિંદૂરથી અષ્ટદલ બનાવવું. તેના પર ફૂલ બિછાવી આસન આપી શ્વેતાર્ક ગણપતિને સ્થાપિત કરવા.

# લોકઅદાલતમાં 60% કેસમાં સમાધાન

## ૧૭૦૦૦ પેન્ડિંગ કેસ તથા ૭૩,૦૦૦ પ્રિલીટીગ્રેશન કેસમાં નિવેડો



રાજકોટ, તા. ૧૫
સમગ્ર રાજ્યમાં શનિવારે ૨૦૨૫ ની અંતિમ મેગા લોક અદાલત યોજાય હતી જેમાં ૯૧ હજાર કેસનો નિકાલ કરવામાં આવ્યો હોવાનું માલુમ કર્યું છે. એટલું જ નહીં સ્પેશિયલ સિટીંગમાં ૧૭૦૦૦ પેન્ડિંગ કેસ તથા ૭૩,૦૦૦ પ્રિલીટીગ્રેશન સહિત ૬૦% થી વધુ કેસમાં સમાધાન પણ કરાવવામાં આવ્યું છે. મેગા લોક અદાલત કરવા પાછળનો મુખ્ય હેતુ એ જ છે કે હાલ કોર્ટ ઉપર કેસનું ભારણ જોવા મળી રહ્યું છે તેમાં ઘણાખરા અંશે ઘટાડવા આવે અને છેલ્લા લાંબા સમયથી પેન્ડિંગ રહી ગયેલા કેસોમાં ચુકાદો આવે તે માટે લોક અદાલતમાં મહદ કેસોમાં સમાધાન થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા હતા. મળતી માહિતી મુજબ યોજાયેલ મેગા લોક અદાલતમાં રાજકોટના પુર્ણકાલીન સચિવ એચ. વી. જોટાણીયાએ લોક અદાલતથી પક્ષકારોને થતા લાભ તથા કોર્ટનું ભારણ ઘટાડવામાં લોક અદાલત કઈ રીતે મદદરૂપ થાય છે તે અંગે તથા લોક અદાલતમાં કયા કયા પ્રકારના કેટલા કેસો મુકવામાં આવેલ છે અને અંદાજે કેટલા કેસોમાં સફળ સમાધાન શકય બનશે તે અંગે માહીતી આપેલ હતી. વધુમાં મુખ્ય જીલ્લા ન્યાયાધીશ જે. આર. શાહએ લોક અદાલતની સફળતા માટે શુભેચ્છા પાઠવેલી અને જણાવેલ કે સમાધાનથી કેસ ફેસલ થાય તો પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સંબંધો જળવાઈ રહે છે તેને ધ્યાનમાં રાખી વધુમાં વધુ કેસો સમાધાનથી ફેંસલ થાય તેવી તૈયારી કરાઈ હતી.

આ લોક અદાલત અગાઉ લગભગ છેલ્લા બે મહીનાથી જુદી જુદી વિમા કંપની, ફાયનાન્સ કંપની, પોલીસ અધિકારીઓ વિગેરે સાથે જુદી જુદી મીટીંગો યોજી લોક અદાલત પહેલા પ્રિ-સીટીંગનું આયોજન કરી વધુમાં વધુ કેસો સમાધાન રાહે નિકાલ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. મોટર અકસ્માતના કેસોમાં કુલ રૂ.૨૯ કરોડનું વળતર પણ ચુકવવામાં આવ્યું. ચેક રીટર્ન સહિતના કેસોમાં કુલ રૂ.૨૦.૩૫ કરોડનું વળતર આપવામાં આવ્યું હતું. મોટર અકસ્માતના ૩૭૩ કેસો, ચેક રીટર્નના ૪૫૦૪ કેસો, તથા લગ્ન વિષયક તકરારના ૧૨૯ કેસોમાં સુખદ સમાધાન થયેલ. તંદઉપરાંત સ્પેશ્યલ સીટીંગમાં ૧૧,૫૧૧ મળી કુલ ૧૭,૩૩૮ પેન્ડીંગ કેસો તથા ૭૩,૮૧૨ પ્રિલીટીગેશન કેસો મળી કુલ ૯૧,૧૫૦ કેસોનો નિકાલ થયેલ છે.

સુપ્રીમ કોર્ટ દ્વારા આ લોક અદાલત યોજવાનું છે કારણ ગણાવવામાં આવ્યું છે તે એ જ છે કે અત્યારે સુપ્રીમની સાથે હાઈકોર્ટ તથા સેશન્સ કોર્ટમાં કેસનો બેક લોગ સૌથી વધુ જોવા મળી રહ્યો છે ત્યારે તેનો તાકીદે નિકાલ થાય અને ઝડપી નિકાલ થાય તે માટે મેગા લોક અદાલત યોજવામાં આવે છે જેમાં અરજદારોને પણ ઘણો ફાયદો પહોંચ્યો છે.

### પોલીસ બેડામાં ખળભળાટ : ACB માછલીઓ જ પકડે છે એવું મેણું ભાંગ્યું!?

# CID ક્રાઈમના PI અને કોન્સ્ટેબલ 30 લાખની લાંચમાં ઝડપાયા

## ગાંધીનગરમાં CID ક્રાઈમના CI સેલના પોલીસ ઈન્સપેક્ટર પી.કે.પટેલ અને કોન્સ. વિપુલ દેસાઈએ એક ગુનામાં કાર્યવાહી નહિ કરવા માંગી હતી લાંચ : ઈન્ચાર્જ મદદનીશ નિયામક ડી.એન.પટેલ અને ટીમની કાર્યવાહી

રાજકોટ, તા. ૧૫
ગુજરાત એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી)એ ભ્રષ્ટાચાર વિરુદ્ધના તેના કડક અભિયાનમાં વધુ એક મોટી સફળતા હાંસલ કરી છે. ગાંધીનગરમાં સી.આઇ.ડી. ક્રાઇમ, સી.આઇ. સેલના પોલીસ ઈન્સપેક્ટર પેથાભાઇ કરમશીભાઇ પટેલ અને આર્મ્ડ પોલીસ કોન્સટેબલ વિપુલભાઇ બાબુભાઇ દેસાઈને રૂપિયા ૩૦,૦૦,૦૦૦ની મોટી લાંચ લેવાના ગુનામાં રંગે હાથ ઝડપી લેતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે.

આ સમગ્ર ઘટના ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં, ધી ઓફિસીસ હરી ગ્રુપ નામની નવી બનતી સાઈટ આગળ, સ્વાગત સિટી મોલથી આગળના જાહેર રોડ પર ગોઠવવામાં આવેલા સફળ ટ્રેપ ઓપરેશન દરમિયાન બની હતી. આ કેસની વિગત એવી છે કે, એક જાગૃત નાગરિક દ્વારા એસીબીનો સંપર્ક કરવામાં આવ્યો હતો. ફરિયાદી અને તેના મિત્ર વિરુદ્ધ



સી.આઇ.ડી. ક્રાઇમ ગાંધીનગર ઝોન પો.સ્ટે. માં ગુ.ર.નં.૨૨/ ૨૦૨૪ હેઠળ નોંધાયેલા ગુનામાં કોઈ કાર્યવાહી ન કરવા માટે આરોપી પોલીસ ઈન્સપેક્ટર પી.કે. પટેલ અને કોન્સ્ટેબલ વિપુલભાઈ દેસાઈએ કુલ ૩૦,૦૦,૦૦૦ની લાંચની માંગણી કરી હતી.

જો કે ફરિયાદી લાંચની રકમ આપવા માંગતા ન હોવાથી તેમણે એસીબીને ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું. લાંચના છટકા દરમિયાન, આરોપી પોલીસ કોન્સ્ટેબલ વિપુલ દેસાઈએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરીને લાંચ પેટે માંગવામાં આવેલી ૩૦,૦૦,૦૦૦ની સંપૂર્ણ રકમ સ્વીકારી હતી. જ્યારે આરોપી પી.આઈ. પેથાભાઇ પટેલે પણ લાંચના છટકા દરમિયાન આ કૃત્ય માટે પોતાની સ્વીકૃતિ આપી હતી.

આમ બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરીને લાંચની રકમ સ્વીકારી હતી અને એસીબીની ટીમના હાથે તુરંત પકડાઇ ગયા હતા. લાંચની સ્વીકારેલ ૩૦ લાખની રકમ સ્થળ પરથી સંપૂર્ણપણે રીકવર કરવામાં આવી છે. આ સફળ ટ્રેપ ઓપરેશન ડી.એન.પટેલ, પો.ઈન્સ., અમદાવાદ શહેર એ.સી.બી. પો. સ્ટેશન અને તેમની ટીમ દ્વારા પાર પાડવામાં આવ્યું હતું, જેનું સુપર વિઝન ડી.એન.પટેલ, ઇ.ચા.મદદનિશ નિયામક, એ.સી.બી. અમદાવાદ એકમ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યવાહીથી ભ્રષ્ટ સરકારી અધિકારીઓ અને કર્મચારીઓમાં ખળભળાટ મચી ગયો છે.

### જન જન સુધી આરોગ્ય સેવાનો નિર્ધાર

# ૪.૫ કરોડથી વધુ બાળકોને સેવાનો લાભ

## ૧૭.૫ હજારથી વધુ હૃદય સંબંધિત સર્જરી-સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર અને ૬૯૨ કેન્સર રોગની કરાઈ સારવાર

રાજકોટ, તા. ૧૫
મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના કાર્યકાળના ત્રણ વર્ષ પૂર્ણ કર્યા છે. મુખ્યમંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસયાત્રાને નવી ગતિ આપી છે. આ ત્રણ વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના પ્રતીક બન્યા છે. મુખ્યમંત્રીના માર્ગદર્શન અને આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા નેતૃત્વમાં આજે આરોગ્યને લગતી જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાનાં નાગરીકો સુધી પહોચી છે. જેના ભાગરૂપે છેલ્લા ત્રણ વર્ષમાં શાળા આરોગ્ય રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ થકી રાજ્યના ૪.૫ કરોડથી વધુ બાળકોએ આ યોજનાનો લાભ લીધો છે.

આ યોજના હેઠળ રાજ્યમાં દર વર્ષે અંદાજિત સરેરાશ કુલ ૧ કરોડ ૮૯ લાખથી વધુ બાળકોની આરોગ્ય ચકાસણી કરી સ્થળ



પર સારવાર કરવામાં આવે છે. આ ઉપરાંત જરૂરીયાતવાળા બાળકોને સરકારી આરોગ્ય સંસ્થાઓ PHC-CHC-SDH, જિલ્લા હોસ્પિટલો, મેડિકલ કોલેજ અને હોસ્પિટલો તથા સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલો ખાતે રીફર કરીને તદ્દન વિનામૂલ્યે સારવાર આપવામાં આવે છે.મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સુશાસન અંતર્ગત આ યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં બાળકોના આરોગ્યની સમસ્યાઓ શોધીને ૪૫ હજારથી વધુ બાળકોને હૃદય સબંધિત સર્જરી અને સારવાર, ૪,૧૪૯ કીડની સારવાર, ૨,૩૩૬ કલબફૂટ, ૧,૪૦૮ ક્લેફ્ટ લીપ પેલેટ, ૬૯૨ કેન્સર રોગની સારવાર, ૭૫૧ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જરી, ૪૨ કીડની ટ્રાન્સપ્લાન્ટ, ૨૩ બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ તેમજ ૧૨ લીવર ટ્રાન્સપ્લાન્ટ સર્જરી કરવામાં આવી છે.

શાળા આરોગ્ય - રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત જિલ્લા કક્ષાએ બાળકોના નિદાન, રિફર અને સારવાર માટે ગુજરાતમાં કુલ ૨૮ ડીસ્ટ્રીક્ટ અર્લી ઈન્ટરવેશન સેન્ટર (DIEC) કાર્યરત કરવામાં આવ્યા છે. વધુમાં રાજ્યમાં કુલ ૯૯૨ આર.બી.એસ.કે મોબાઈલ હેલ્થ ટીમો કાર્યરત છે. આ ટીમો ૬ વર્ષ સુધીના આંગણવાડીના બાળકો, પ્રાથમિક શાળાના બાળકો, માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ તથા નવજાત શીશુથી ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જતા બાળકોની આરોગ્ય તપાસ કરી સારવાર કરવામાં આવે છે.

આ કાર્યક્રમ અંતર્ગત રાજ્યના તમામ ડીલીવરી પોઈન્ટ ખાતે દરેક નવજાત શીશુનું બર્થ ડીફેક્ટ સ્ક્રીનીંગ કરવામાં આવે છે. ઉપરાંત નવજાત શિશુથી ૬ વર્ષના આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓ, ૧૮ વર્ષ સુધીના શાળાએ જતાં અને ન જતાં બાળકોનું ''4D બર્થ ડીફેક્ટ, ડેવલપમેન્ટલ ડીલે, ડીસીઝ અને ડેફીસીઅન્સી માટે નિયમિત રીતે તમામ બાળકોની આરોગ્ય ચકાસણી અને સંદર્ભ સેવા દ્વારા સારવાર પુરી પાડવામાં આવે છે.

# ઐતિહાસિક વારસો જાળવવા સર્વે

## રાજ્ય સરકારે રાજકોટની જૂની ઈમારત-બાંધકામોને જાળવવા માટે સર્વેનો આદેશ

રાજકોટ તા. ૧૫

કોઈપણ દેશ રાજ્ય કે પ્રદેશની ઓળખ તેની સંસ્કૃતિ અને ઐતિહાસિક ધરોહર હોય છે ત્યારે તેની જાળવણી અને તેની મરામત કરવી એ સ્થાનિક પ્રશાસનની જવાબદારી છે જેથી ભવિષ્યમાં નવી પેઢી આ ઐતિહાસિક વારસા ને ઓળખી શકે અને તે અંગે માહિતી પણ મેળવી શકે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા હાલ રાજકોટની વર્ષો જૂની ધરોહર ને યોગ્ય દિશા આપવા અને યોગ્ય વ્યવસ્થા ઉભી કરવા માટે હાલ સ્થાનિક પ્રશાસનને આદેશ આપ્યો છે એટલું જ નહીં ઐતિહાસિક સામગ્રી તથા જે ઈમારતો છે તેને જાળવવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવી રહ્યા છે જે માટે સર્વે કરવાનો આદેશ સરકાર તરફથી મળ્યો હોવાનું માલુમ પડ્યું છે.

મળતી માહિતી મુજબ વર્ષો પૂર્વે રાજકોટમાં જે ઈમારતો તથા તળાવ અને ટાવર બનાવવામાં આવ્યા હતા તે ઐતિહાસિક ધરોહર ની વ્યાખ્યામાં આવે છે ત્યારે આ ધરોહરની સ્થિતિ હાલ બિસ્માર થઈ ગઈ હોવાનું પણ માલુમ





પડ્યું છે. ત્યારે આ તમામ મિલકતોની જાળવણી કરવા જેથી ભવિષ્યમાં યુવા પેઢી ખૂબ સારી રીતે આ તમામ મિલકતોની ઓળખ કરી શકે તે માટે ખાસ સર્વે કરવા માટેનો આદેશ રાજ્ય સરકારે કર્યો છે જેમાં જુના બાંધકામો, પ્રાચીન ઈમારતો તથા લોક સાહિત્ય સાથે જોડાયેલી દરેક ચીજ વસ્તુઓ યુવા પેઢીમાં જીવંત થાય તે માટે તેનો સર્વે હાથ ધરવામાં આવશે જેની કામગીરી તુર્તમાં શરૂ થશે.

જેના લીધે મહાનગરપાલિકાએ ઐતિહાસિક ઘરોહરોનો સર્વે કરવા માટે કન્સલટન્ટની નિમણુક કરવા ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે.મનપાના બાંધકામ વિભાગમાંથી પ્રાપ્ત થયેલ વિગત મુજબ હાલ કબાગાંધીનો ડેલો તથા ગાંધી મ્યુઝીયમ સહિતની અમુક પ્રાચિન ઈમારતોની જાળવણી કરવામાં આવી છે. તેમજ આ ઘરોહરોનુ મ્યુઝીયમમાં રૂપાંતર કરી જર્જરિત થતી બચાવવામાં આવી રહી છે. તેમજ વિદ્યાર્થી ઓને તેના વિશે વધુમાં વધુ જાણકારી ઉપલબ્ધ જાય તે માટે થઇને પર્યટનમાં તેનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પરંતુ શહેરમાં અનેક પ્રાચિન ઈમારતો હજૂ પણ દિવસે દિવસે જર્જરિત થતી જોવા મળી રહી છે તેવી જ રીતે પ્રાચિન વારસો જેમાં કે પ્રાચિન ગરબીઓ તેમજ લોકસાહિત્યો સહિતના વારસાને સાચવણી કરવી જરૂરી બને છે અને આવનારી પેઢી તેનાથી અવગત થાય તે માટે પ્રયાસો સરકાર દ્વારા હાથ ધરાયા છે. જેના ભાગેરૂપે રાજ્ય સરકારે રાજકોટ મહાનગરપાલિકાને શહેરમાં આવેલ જૂના બાંધકામો, તળાવો, પ્રાચિન ઈમારતો, ગરબા, લોકસાહિત્ય સહિતના વારસાની જાળવણી માટે સર્વે કરવાની સૂચના આપવામાં આવી છે. આથી મનપાએ સર્વે કામગીરી માટે પ્રાઈવેટ એજન્સીની નિમણુક કરવાની હોય ટેન્ડર પ્રક્રિયા હાથ ધરી છે.

રાજકોટ શહેરમાં વર્ષો પહેલા બનાવવામાં આવેલ અનેક પ્રાચિન ઈમારતો સહિતના વારસાનો નાશ થવા લાગ્યો છે. જેમા તાજેતરમાં લાખાજીરાજ શાક માર્કેટનુ નવીનિકરણ થઇ શકે તેમ ન હોવાથી તેને તોડી પાડવાની સૂચના આપવામાં આવી છે. જયારે રાજ્ય સરકાની સૂચના બાદ વર્ષો જૂની ઈમારતો અને પ્રાચિન ઘરોહરો કે જેનું નવીનિકરણ થઇ શકે તે હોય તેનુ લિસ્ટ તેમજ ભય જનક અને જર્જરિત હાલતમાં હોય અને ફરજિયાત તોડ પાડવી પડે તેમ હોય તેવી જર્જરિત અને ભયજનક ઈમારતો સહિતના બાંધકામોનુ અલગ લીસ્ટ તૈયાર કર્યા બાદ જાળવણી માટેનો નિર્ણય લેવામાં આવશે.

# શિયાળો નહીં પ્રદૂષણના પાપે શરદી ઉધરસના કેસમાં ઉછાળો

## આરોગ્ય વિભાગના ચોપડે ૨૩૦૦ દર્દી એક સપ્તાહમાં નોંધાયા : તંત્ર ઉકેલ લાવવામાં નિષ્ફળ



રાજકોટ, તા. ૧૫

જે સમયથી શિયાળાની શરૂઆત થઈ છે ત્યારથી જ હાલ રાજકોટમાં રોગચાળાના કેસમાં ઉત્તરોતર વધારો નોંધાયો છે. મળતી માહિતી મુજબ સરદી ઉધરસ અને તાવના કેસ પણ દિવસેને દિવસે વધી રહ્યા છે. ત્યારે મચ્છરના ઉપદ્રવ વચ્ચે મચ્છરજન્ય નહીં પરંતુ વાતાવરણ અને પ્રદૂષણ ના કારણે શરદી ઉધરસના કેસમાં વધારો નોંધાયો છે. આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્તાહમાં ડેન્ગ્યુના બે તથા સીઝનલ રોગચાળાના ૨૩૦૦ દર્દીઓ નોંધાયા છે. મલેરિયા ને આરોગ્ય વિભાગ ના રિપોર્ટ મુજબ ૮ ડિસેમ્બર થી ૧૪ ડિસેમ્બર દરમિયાન ડેન્ગ્યુના બે કેસ નોંધાયા તો મલેરિયા અને ચિકનગુનિયા નો એક પણ કેસ ન નોંધાતા આરોગ્ય વિભાગમાં હાશકારો જોવા મળ્યો છે ત્યારે શરદી ઉધરસના ૧૨૦૦ તથા સામાન્ય તાવના ૮૬૧ દર્દી નોંધાયા છે.

ખોરાક અને પાણીજન્ય ઝાડા-ઉલ્ટીના ૧૯૧, ટાઈફોઈડનો એક અને કમળાના બે દર્દી નવા આવ્યા છે. ગત સપ્તાહે કુલ દર્દીઓનો આંકડો ૨૩૩૬ હતો. જે ગઈકાલે પુરા થયેલા સપ્તાહમાં ૨૩૨૮ એટલે કે લગભગ સરખો જ રહ્યો છે. પાણીજન્ય રોગચાળો ન ફેલાય તે માટે આરોગ્ય વિભાગે પાણીના ૮૮૧ નમુનાના કલોરીન ટેસ્ટ કરાવ્યા છે.

આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા ડેંગ્યુ, મેલેરિયા, ચિકુનગુનિયા વગેરે જેવા રોગોને નિયંત્રિત કરવા માટે સતત પ્રયાસો થઈ રહ્યા છે. સપ્તાહમાં ૨૨,૪૬૫ ઘરોમાં પોરાનાશક તથા ફિલ્ડવર્કરો દ્વારા ૮૮૫ ઘરોમાં ફોગીંગ કામગીરી કરવામાં આવી છે. સંવેદનશીલ સોસાયટી, જાહેર રસ્તાઓ તથા વધુ માનવસમુદાય એકઠો થતો હોય તેવા તમામ વિસ્તારો ફોગીંગ કામગીરી હેઠળ આવરી લેવામાં આવેલ છે. મહાપાલિકાના ચોપડે પખવાડિયાથી રોગચાળાના આંકડા સ્થિર થઈ ગયા છે. શિયાળો આમ તો શકિતવર્ધક ગણવામાં આવે છે પરંતુ ન માત્ર બપોરે અને રાત્રે પરંતુ સવારે પણ હવે અનેક વિસ્તારમાં લોકો પ્રદુષણનો સામનો કરે છે. ધુમાડા ઓકતા વાહનોના પ્રદુષણ પર કોઇ તંત્રનું નિયંત્રણ નથી. આ કારણે પણ શરદી- ઉધરસના કેસ વધી રહ્યાનું ખાનગી તબીબો કહી રહ્યા છે. એકંદરે છેલ્લા થોડા મહિનામાં શરદી-ઉધરસના કેસ ખુબ વધી ગયાનું દેખાઇ રહ્યું છે.

હાલ આરોગ્ય વિભાગ માટે સૌથી મોટું દુષણ જો હોય તો તે પ્રદૂષણ છે. પ્રદૂષણ ઉપર અંકુશ મુકવો ખૂબ જરૂરી છે પરંતુ અત્યાર સુધી હજુ કોઈ નકર ઉકેલ આવ્યો નથી જેનાથી આ વિકટ પરિસ્થિતિમાંથી તંત્રને છૂટકારોને હાશકારો મળે. આવા પ્રદુષણ પર અંકુશ લાગુ હોય તો સ્વયંમ શિસ્ત ખુબ જરૂરી છે જે કરવામાં હાલ રાજકોટના વાહન ચાલકો નિષ્ફળ નીકળ્યા છે અને સામે રોગચાળાના કેસમાં વધારો નોંધાયો છે.

## રાજકોટ પશ્ચિમની ૨૮ સોસાયટી માટે કલેકટરે દરખાસ્ત સરકારમાં મોકલી

# અશાંતધારાની મુદત લંબાવવાની રાહ

રાજકોટ, તા. ૧૫

સામાજિક સમરસતા જળવાઈ રહે તે માટે સરકારે અસાંત ધારા ની અમલવારી શરૂ કરી હતી ત્યારે રાજકોટમાં પશ્ચિમ વિસ્તારની ૨૮ સોસાયટીઓમાં હાલ જે અશાંત ધારો લાગુ છે તે ૧૩ જાન્યુઆરીના રોજ પૂર્ણ થવાનો છે ત્યારે મુદત લંબાવવામાં આવશે કે કેમ તે અંગે હાલ ચર્ચા વિચારણા શરૂ થઈ ચૂકી છે. બે તરફ સરકાર આ મામલે મુદત વધારે છે કે કેમ તે પણ હવે જોવાનું રહ્યું. મળતી માહિતી મુજબ સીટી પ્રાંત અધિકારી ચાંદની પરમાર દ્વારા અગાઉ પણ પશ્ચિમ વિસ્તારની સોસાયટીમાં સાતધારાની મુદ્દત લંબાવવા કલેકટરને દરખાસ્ત મોકલી હતી જે બાદ અભ્યાસ કર્યા બાદ સરકારમાં દરખાસ્ત મોકલવામાં આવી છે ત્યારે અશાંતધારાની મુદ્દત લંબાવવામાં આવશે કે કેમ તે અંગે



હાલ ચર્ચા એ જોડ પકડ્યું છે.

શહેરના પશ્ચિમ વિસ્તારમાં છોટુનગર કો.ઓપ. હાઉસીંગ સોસાયટી, નિરંજની સોસાયટી, આશુતોષ સોસાયટી, સિંચાઇનગર સોસાયટી, આરાધના સોસાયટી, સ્વસ્તિક સોસાયટી, પ્રગતિ સોસાયટી, ઈન્કમટેકસ સોસાયટી, બેંક ઓફ બરોડા સોસાયટી, દિવ્યસિધ્ધિ સોસાયટી, જીવનપ્રભા સોસાયટી, અંજની સોસાયટી, કૃષ્ણકુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, રેસકોર્સ પાર્ક, વસુંધરા સોસાયટી, અવંતિકા પાર્ક, જનતા જનાર્દન સોસાયટી, જાગૃતિ શ્રમજીવી સોસાયટી, કૃષ્ણકુંજ સોસાયટી, સૌરભ સોસાયટી, યોગેશ્વર પાર્ક, શ્રેયસ સોસાયટી, નવયુગ સોસાયટી, બજરંગવાડી, સુભાષનગર, ચુડાસમા પ્લોટ સહિતના સોસાયટી વિસ્તારોનો સમાવેશ થાય છે.

અહીંએ ઉલ્લેખનીય છે કે શહેરની પશ્ચિમ વિસ્તારની આ ૨૮ સોસાયટીઓમાં રાજય સરકાર દ્વારા તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૧ના અશાંત ધારો લાગુ કરવામાં આવેલ હતો. જેની મુદત હવે તા. ૧૩ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ પૂર્ણ થઇ રહી છે.

ત્યારે હવે અશાંત ધારાની મુદત વધારવાનું કાઉન્ટ-ડાઉન શરૂ થવા પામેલ છે. જેમાં અશાંત ધારાના કેટલાક કેસ હજુ પોલીસ વિભાગમાં પણ પેન્ડીંગ પડેલ છે. ત્યારે હવે મુદત વિત્યા સમયસર રાજય સરકાર દ્વારા નોટીફીકેશન બહાર પાડવામાં નહીં આવેલ અશાંત ધારા હેઠળ આવતા મિલ્કતોના ખરીદ-વેચાણમાં પણ અરજદારોને મુશ્કેલીનો સામનો કરવો પડે તેવા સંજોગોનું નિર્માણ થશે. કલેકટર દ્વારા તંત્ર દ્વારા અશાંત ધારા મુદત લંબાવવા માટે રાજય સરકારને દરખાસ્ત મોકલી દેવામાં આવેલ હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે બીજી તરફ શહેરના વધુ વિસ્તારોને આ અશાંત ધારા હેઠળ આવરી લેવા માટે પ્રજાના પ્રતિનિધિ એવા ધારાસભ્યો દ્વારા અગાઉ કલેકટરને આવેદનપત્ર પાઠવી રજુઆત કરવામાં આવી હતી. ત્યારે હવે અશાંત ધારામાં શહેરના વધુ નવા વિસ્તારોને સમાવેશ કરાશે કે કેમ ? તેનો આગામી સમયમાં રાજય સરકારનું નવું નોટીફીકેશન આવ્યા બાદ જ ખબર પડશે. ત્યારે રાજ્ય સરકાર આ સોસાયટીઓ માં જે અશાંત ધારો લાગુ છે તેની અવધી લંબાવે છે કે કેમ તે હવે જોવાનું રહ્યું. હાલ આ બાબતે સરકારમાં આધારકાર્ડ કલેક્ટર દ્વારા મોકલવામાં આવી છે જેમાં સરકાર શું નિર્ણય લે છે તે હવે જોવાનું રહ્યું.

# વાઈબ્રન્ટ સમિટ પૂર્વે ૨૮મીએ સ્વદેશી દોડ

## રેસકોર્સ રિંગરોડ અને યાજ્ઞિક રોડને આવરી લેતી પાંચ કિમીનું આયોજન

રાજકોટ , તા. ૧૫

જાન્યુઆરી માસ દરમિયાન રાજકોટમાં વાઈબ્રન્ટ સમિટનું આયોજન કરાયું છે એ પહેલાં સરકારના આદેશ મુજબ આગામી તારીખ ૨૮ મી ડીસેમ્બરે પાંચ કિલોમીટરની સ્વદેશી દોડ યોજાશે. આ માટે એક બે દિવસમાં સતાવાર જાહેરાત કરવામાં આવશે

રાજકોટમાં જાન્યુઆરી મહિનામાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સ્વદેશીનારા ને વધુ બુલંદ કરવાં રાજ્ય સરકારના આદેશ થી તારીખ ૨૮ ડિસેમ્બરે સ્વદેશી દોડ યોજાશે. અગાઉ મેરેથોન યોજવા માટે વિચારણા ચાલતી હતી પણ સામાન્ય રીતે ફૂલ મેરેથોન યોજવા ૪૧ કિલોમીટર અને હાફ મેરેથોન યોજવા ૨૧ કિલોમીટર સુધીના તમામ માર્ગો પર તમામ વ્યવસ્થા કરવી પડે તેમ હોય પાંચ કિલોમીટરની સ્વદેશી દોડ યોજવા નિર્ણય લેવાયો છે.

આ દોડ માટે રેસ કોર્સ રિંગ રોડ અને યાજ્ઞિક રોડનો કેટલોક ભાગ આવરી લેવામાં આવશે. રાજકોટમાં અવારનવાર સાયક્લોથોન યોજતી રોટરી ક્લબની આ સ્વદેશી દોડના આયોજનમાં મદદ લેવામાં આવશે. ભાગ લેનારા સ્પર્ધકો મહાનગરપાલિકાની વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવી શકે તે પ્રકારની વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે.




# સિવિલનું ભ્રષ્ટ જન ઔષધી કેન્દ્ર બંધ

## દર્દીઓને પડી રહી છે પારાવાર મુશ્કેલી : નવો આદેશ ન થાય ત્યાં સુધી ઔષધી કેન્દ્ર નહીં ખુલે

રાજકોટ, તા. ૧૫

રાજ્ય સરકારે સરકાર માન્ય જન ઔષધી કેન્દ્ર શરૂ કર્યું હતું જેમાં દર્દીઓને રાહત ભાવે દવા મળી રહે તે વિચાર અને હેતુ ચરિતાર્થ કર્યો હતો પરંતુ ખરી વાસ્તવિકતા એ છે કે આ તમામ આરોગ્ય કેન્દ્ર છે તેમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા કેન્દ્રો લોકો પાસેથી વધુ ભાવ લેતા હોવાની અનેકવિધ ફરિયાદો ભૂતકાળમાં ઊઠવા પામી હતી. આવો જ કિસ્સો રાજકોટ સિવિલ હોસ્પિટલમાં જોવા મળ્યો જેમાં જન ઔષધી કેન્દ્ર પરથી કટકી બાજ મેડિકલ સ્ટોર ના સંચાલકો દ્વારા વધુ ભાવ સાથે દવાઓનું વેચાણ કરતા હોવાની ફરિયાદો ઉઠી હતી જે બાદ રાજ્યના આરોગ્ય કમિશનર દ્વારા તપાસ સમિતિની નિમણૂક કરી હતી અને તપાસ સમિતિએ જે અવલોકન કર્યું તેમાં માલુમ પડ્યું કે સિવિલ હોસ્પિટલમાં કાર્યરત જન ઔષધી કેન્દ્ર દવા ખરીદીમાં ગેરરીતિ આચરી છે અને દર્દીઓ પાસેથી પણ વધુ રૂપિયામાં દવાઓનું વેચાણ કર્યું છે જે સામે આવતા ની સાથે જ આ જન આરોગ્ય કેન્દ્રને સીલ કરી દેવામાં આવ્યું છે. મળતી માહિતી મુજબ આ પગલું ભરતા હાલ સિવિલ હોસ્પિટલમાં આવતા દર્દીઓ માટે માથાનો દુખાવો અને હેરાનગતિનો સામનો કરવો પડી રહ્યો છે. આ ગંભીર ભૂલના પગલે જન ઔષધી કેન્દ્રનો કોન્ટ્રાક્ટ રદ કરવાનો નિર્ણય લઇ તાળાં મારી દેવામાં આવ્યા હોવાનું પણ જણાયું છે. મળતી માહિતી મુજબ આશરે ૨૦ કરોડની દવાઓ બારોબાર થી ખરીદી હોવાનું માલુમ પડ્યું હતું જે તપાસમાં સામે આવ્યું.

આરોગ્ય કમિશનર દ્વારા જે તપાસ હાથ ધરવામાં આવી તેમાં ખાસ દવાઓની ખરીદીનું ઓડિટ પણ કરવામાં આવ્યું હતું જેમાં આ તમામ ગતિવિધિઓ સામે આવી હતી જે બાદ આ જન ઔષધી




કેન્દ્રને રદ કરવામાં આવ્યું હતું અને તેને તાળા મારવામાં આવ્યા. મળતી માહિતી મુજબ તપાસમાં ૨૦ કરોડની દવાઓ બારોબાર ખરીદી કરી હોવાનું પણ માલુમ પડ્યું છે જેનાથી દર્દીઓને ખાસું એવું આર્થિક નુકસાની નો સામનો પણ કરવો પડ્યો હોવાનું જણાયું છે. આ બાબતે સ્ટોર ઇન્ચાર્જ નથવાણી ની સંડોવણી ખૂલતા તેમની દ્વારકા બદલી કરી દેવામાં આવી છે. મળતી માહિતી મુજબ રાજકોટમાં અનેકવિધ જન ઔષધી કેન્દ્ર ચાલી રહ્યા છે તેમાં પણ હાલ તપાસ હાથ ધરવામાં આવે તેવું જાણકાર વર્તુળો ચર્ચી રહ્યા છે. બીજી સૌથી મોટી વાત તો એ છે કે આ જન ઔષધી કેન્દ્રમાં માત્ર સરકાર માન્ય દવાઓનું જ વેચાણ રાહત ભાવે કરવામાં આવતું હોય છે પરંતુ સિવિલ હોસ્પિટલમાં જે કેન્દ્ર ચાલતું હતું તેમાં ઘણાખરા મેડિકલ ઉપકરણો અને સાધનોનું પણ વેચાણ થતું હતું જે ગેરકાયદે છે જે અંગે ભાંડો ફૂટતા તાકીદે આરોગ્ય કમિશનર દ્વારા આ આરોગ્ય કેન્દ્રને રદ કરવાનો નિર્ણય લીધો.

સિવિલ હોસ્પિટલમાં ૨૦ કરોડ રૂપિયાના દવા ખરીદીના કૌભાંડની તપાસમાં હોસ્પિટલના સ્ટાફની સંડોવણી હોવાનું ખૂલ્યું હતું. સ્ટોર ઇન્ચાર્જ જે.કે. નથવાણી દવા ખરીદી કૌભાંડમાં મોટાપાયે સંડોવણી હોવાનું સામે આવતા બદલી કરવામાં આવી. સ્ટોર ઇન્ચાર્જ જે.કે. નથવાણીની દ્વારકા ખાતે બદલી કરવામાં આવી હતી.આરોગ્ય કમિશ્નર જયારે રાજકોટ સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી ત્યારે દવા ખરીદીનું કૌભાંડ સામે આવ્યું હતું. બાદમાં ડો. જે.કે. નથવાણી સહિતના જવાબદારોને બિલો ની ફાઇલ લઈ ગાંધીનગર બોલાવી તપાસ કરી હતી. તપાસમાં ગોટાળા નિકળતા બદલી કરવામાં આવી. અધિકારીઓ સાથે મળીને દવાનો કાળો કારોબારમાં સિવિલ હોસ્પિટલના જન ઔષધી કેન્દ્રના સંચાલકનું નામ પણ સામે આવ્યું હતું.સરકારી દવાનું વેચાણ ઉપરાંત અન્ય કોઈ મેડીકલના સાધનો વેચવાની જન ઔષધી કેન્દ્રને મંજુરી નહી હોય છતાં કેટલાક મેડીકલના સાધનો તેમજ સ્ક્રુ અને હાથ કે પગમાં ફેકચર માટે ઉપયોગમાં લેવાતી પ્લેટ બજાર ભાવ કરતા ૨૦ થી ૩૦ ટકા નફો ચડાવી જન ઔષધી કેન્દ્રના સંચાલકો દ્વારા વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવ્યા બાદ આરોગ્ય વિભાગ દ્વારા બીજો હુકમ ન થાય ત્યાં સુધી આ જન ઔષધી કેન્દ્રને બંધ કરી દેવા હુકમ કરવામાં આવ્યો છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# ફુગાવો ઘટશે..!

## રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિની બેઠક ફેબ્રુઆરી ૨૦૨૬માં વ્યાજ દર ઘટાડાની સંભાવના




નવેમ્બર ૨૦૨૫ માં છૂટક ફુગાવો આ ડેટા શ્રેણીમાં બીજા સૌથી નીચા સ્તરે, ૦.૭% પર આવી ગયો, જે ઓક્ટોબર પછીનો સૌથી નીચો ફુગાવાનો દર હતો. આ ડેટા કેટલીક બાબતો સૂચવે છે. પ્રથમ, આંકડાકીય આધાર અસર જે આવા અસામાન્ય રીતે નીચા ફુગાવાના સ્તરનું કારણ બને છે તે ટૂંક સમયમાં ઘટશે. ઉદાહરણ તરીકે, ઓક્ટોબર અને નવેમ્બર ૨૦૨૪ માં ફુગાવો અનુક્રમે ૬.૨% અને ૫.૫% હતો. જોકે, ત્યારથી તે દર મહિને સતત ઘટી રહ્યો છે, જુલાઈ ૨૦૨૫ માં ૧.૬% સુધી પહોંચ્યો. આનો અર્થ એ છે કે આંકડાકીય રીતે ઉચ્ચ આધાર અસર જેણે ફુગાવો ઓછો રાખ્યો હતો તે હવે અને જુલાઈ ૨૦૨૬ ની વચ્ચે અદૃશ્ય થઈ જશે. ધ્યાનમાં રાખવા જેવી બીજી બાબત એ છે કે વર્તમાન ગ્રાહક ભાવ સૂચકાંક (CPI) કેટલો વિકૃત છે. ખાદ્ય શ્રેણીનું વજન સૂચકાંકમાં આશરે ૪૬% છે, જેનો અર્થ એ છે કે તે શ્રેણીમાં જે કંઈ પણ થાય છે તેની એકંદર ફુગાવાના દર પર નોંધપાત્ર અસર પડે છે.

ઉદાહરણ તરીકે, નવેમ્બર ૨૦૨૫ માં ખાદ્ય પદાર્થોના ભાવમાં ૨.૮%નો ઘટાડો થયો, જેના કારણે એકંદર સૂચકાંક નીચે ગયો. જોકે, ખાદ્યપદાર્થોના ભાવમાં આ ઘટાડો આંકડાકીય હતો, કારણ કે તે ગયા વર્ષે નવેમ્બરમાં ૮.૨% ના ઊંચા આધાર પર આધારિત હતો. આવતા વર્ષે ફુગાવાના આંકડા તદ્દન અલગ રહેવાની શક્યતા છે. સરકાર ૨૦૨૬-૨૭ ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં CPIની નવી શ્રેણી બહાર પાડે તેવી અપેક્ષા છે. આ નવી શ્રેણી અગાઉના ઘણા જૂના ૨૦૧૨ થી ૨૦૨૪ સુધીના આધાર વર્ષને અપડેટ કરશે. ભારતીયોના વપરાશના વર્તનને વધુ સારી રીતે પ્રતિબિંબિત કરવા માટે વજન પણ બદલવામાં આવશે, જેનો અર્થ એ છે કે ખોરાક હવે ફુગાવાનો દર નક્કી કરવામાં એટલી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે નહીં. અંતે, નવા આધાર વર્ષનો અર્થ એ પણ થશે કે આંકડાકીય આધાર અસરોને ધ્યાનમાં લેવામાં આવશે. તેમ છતાં, ભારતીય રિઝર્વ બેંકની નાણાકીય નીતિ સમિતિ (MPC) એ આગળ વધવા માટે વર્તમાન ફુગાવાના ડેટા પર આધાર રાખવો જોઈએ. ડિસેમ્બર ૨૦૨૫ ની તેની બેઠકમાં, MPC એ વ્યાજ દરમાં ૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કરીને ૫.૨૫% કરવાનો નિર્ણય લીધો. MPC ફેબ્રુઆરી ૨૦૨૬ માં ફરી મળશે. વર્ષના બીજા ભાગમાં આર્થિક વૃદ્ધિ ધીમી પડવાની આગાહી હોવા છતાં, MPC એ ફેબ્રુઆરીમાં તેના દર ઘટાડાને સ્થગિત કરવો જોઈએ. ૨૦૨૫ માં, તેણે દરમાં ૧૨૫ બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો, જે ૨૦૧૯ પછીનો સૌથી મોટો ઘટાડો છે. હવે, આ નીચા દરો કાર્યરત થયા પછી માંગ અને રોકાણને વેગ આપે છે કે કેમ તે જોવા માટે રાહ જોવી જોઈએ. થોભાવવાની તરફેણમાં બીજું કારણ એ છે કે બજેટ ૨૦૨૬ હમણાં જ પસાર થયું હશે, અને તેથી, MPC એ ભારતની નાણાકીય નીતિમાં વધુ ફેરફારો કરતા પહેલા રાજકોષીય નીતિની અસર અનુભવવા દેવી જોઈએ. છેલ્લે, MPC એ નવી CPI શ્રેણીનો અભ્યાસ કરવા માટે સમય કાઢવો જોઈએ જ્યારે તે પ્રકાશિત થાય છે કે દર ઘટાડા નવા સૂચકાંક અને તેના પુનઃવિતરણ વજનને કેવી રીતે અસર કરી શકે છે.




# મોદીનો ઈથોપિયા પ્રવાસ મહત્વનો

## ૨૦૨૬ માં બ્રિક સમિતની અધ્યક્ષતાના પગલે જોર્ડન, ઈથોપિયા અને ઓમાનની મુલાકાત મહત્વની




નવીદિલ્હી, તા. ૧૫
પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશોના પ્રવાસે જઈ રહ્યા છે. આ ચાર દિવસીય મુલાકાતમાં જોર્ડન, ઈથોપિયા અને ઓમાનની મુલાકાતોનો સમાવેશ થશે. ૨૦૨૬ માં બ્રિક્સ સમિટની અધ્યક્ષતા ભારતને ધ્યાનમાં રાખીને, પીએમ મોદીની ઈથોપિયાની મુલાકાત મહત્વપૂર્ણ રહેશે, જે દ્વિપક્ષીય સંબંધોને મજબૂત બનાવશે અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર સહયોગને વધુ ગાઢ બનાવશે, જેમાં યુએન સુધારા અને બ્રિક્સ એજન્ડાનો સમાવેશ થાય છે, એમ ઈથોપિયામાં ભારતના રાજદૂત અનિલ કુમાર રાયએ જણાવ્યું હતું. ૧૬ થી ૧૭ ડિસેમ્બર સુધી આફ્રિકન દેશની પીએમ મોદીની બે દિવસીય રાજ્ય મુલાકાત પહેલા, રાજદૂત રાયે બંને દેશોના લાંબા ગાળાના, ઊંડા અને મૈત્રીપૂર્ણ સંબંધો અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર મહત્વપૂર્ણ ભાગીદારો તરીકેની તેમની સ્થિતિ પર ભાર મૂક્યો હતો, અને નોંધ્યું હતું કે બંને બ્રિક્સ જૂથના સભ્યો છે.

રાજદૂત રાયે જણાવ્યું હતું કે ભારત અને ઈથોપિયા બે સભ્યતાથી સમૃદ્ધ રાષ્ટ્રો છે. ''આપણા લાંબા ગાળાના, ઊંડા અને મૈત્રીપૂર્ણ સંબંધો છે,'' તેમણે કહ્યું. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી છેલ્લા ૧૫ વર્ષમાં ઈથોપિયાની મુલાકાત લેનારા પ્રથમ ભારતીય વડા પ્રધાન હશે. તેથી, આ અમારા માટે એક ઐતિહાસિક ક્ષણ છે, અને અમે ચર્ચા માટે એક વ્યાપક અને સમૃદ્ધ એજન્ડા જોઈએ છીએ. આનાથી દ્વિપક્ષીય સ્તરે સહયોગ મજબૂત થશે. તેમણે નોંધ્યું કે બંને દેશો બ્રિક્સના સભ્ય છે. ''યુએન સુધારા અને પ્રાદેશિક મુદ્દાઓ જેવા આંતરરાષ્ટ્રીય મુદ્દાઓ પર સહયોગમાં અમે ખૂબ જ મહત્વપૂર્ણ ભાગીદાર છીએ, અને પ્રાદેશિક સ્તરે, ખાસ કરીને બ્રિક્સ સ્તરે, અમે એવા એજન્ડા પણ ચર્ચા કરીએ છીએ જેની ચર્ચા કરીએ છીએ. ભારત ૨૦૨૬ માં બ્રિક્સનું અધ્યક્ષપદ સંભાળવા જઈ રહ્યું છે, જેમાંથી ઈથોપિયા એક મહત્વપૂર્ણ સભ્ય છે. તેથી, ચર્ચા દરમિયાન આ બધા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે.

પ્રથમ શિખર સંમેલન ૨૦૦૯ માં રશિયામાં યોજાયું હતું. ૨૦૧૦ માં દક્ષિણ આફ્રિકા સંગઠનમાં જોડાયા પછી, જૂથ ઇર્છ્ઈઈજ માં વિસ્તર્યું. ઓગસ્ટ ૨૦૨૩ માં દક્ષિણ આફ્રિકાની અધ્યક્ષતામાં આમંત્રણ બાદ, ઈથોપિયા જાન્યુઆરી ૨૦૨૪ માં સત્તાવાર રીતે BRICS જૂથમાં જોડાયું. ઈથોપિયાની સાથે, ઇજિપ્ત, ઈરાન અને સંયુક્ત આરબ અમીરાત પણ જૂથના સંપૂર્ણ સભ્ય બન્યા. વિદેશ મંત્રાલય અનુસાર, આ પ્રધાનમંત્રી મોદીની ઈથોપિયાની પ્રથમ મુલાકાત હશે, જે દરમિયાન તેઓ ભારત-ઈથોપિયા દ્વિપક્ષીય સંબંધોના તમામ પાસાઓ પર પ્રધાનમંત્રી અલી સાથે વ્યાપક ચર્ચા કરશે. ''ગ્લોબલ સાઉથમાં ભાગીદારો તરીકે, આ મુલાકાત બંને દેશોની ગાઢ મિત્રતા અને દ્વિપક્ષીય સહયોગને વધુ વિકસાવવાની સહિયારી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરશે,'' વિદેશ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

### વોટ ચોરી મહારેલીમાં 'મોદી તેરી કબ્ર ખુદેગી' ના નારા લાગતા રાજકારણમાં ગરમાવો , ભાજપનો પલટવાર

# કોંગ્રેસનો વાણીવિલાસ



નવીદિલ્હી, તા. ૧૫
દિલ્હીમાં ''મત ચોરી'' વિરુદ્ધ કોંગ્રેસ પાર્ટીની મેગા રેલી પહેલા, કાર્યકરોએ ''મોદી, તમારી કબર ખોદવામાં આવશે'' ના નારા લગાવ્યા. પીએમ મોદી વિરુદ્ધ સૂત્રોચ્ચાર પર પ્રતિક્રિયા આપતા, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સંસદમાં કહ્યું, ''આ કેવી માનસિકતા છે જે જાહેરમાં વિરોધીઓના મૃત્યુની જાહેરાત કરે છે? જો કેટલાક વિપક્ષી નેતાઓ પીએમની હત્યા કરવાની વાત કરે છે, તો તે ખરેખર દુર્ભાગ્યપૂર્ણ છે.'' રિજિજુએ કહ્યું કે ફક્ત નિંદા પૂરતી નથી. કોંગ્રેસ અધ્યક્ષ અને વિપક્ષી નેતાએ સંસદમાં માફી માંગવી જોઈએ. તેમણે રાષ્ટ્રની માફી માંગવી જોઈએ. ''મારું માનવું છે કે જો તેમની પાસે થોડી પણ માનવતા બાકી છે અને જો કોંગ્રેસ પાર્ટી દેશને કોઈ સન્માન આપવા માંગતી હોય, તો તેમણે વિલંબ ન કરવો જોઈએ,'' તેમણે કહ્યું. રિજિજુએ કહ્યું કે તેમણે સંસદના ફ્લોર પરથી રાષ્ટ્રની માફી માંગવી જોઈએ. ''તો જ આપણે સ્વીકારીશું કે તેમણે ભૂલ કરી છે અને કોંગ્રેસ પાર્ટીએ પોતાની ભૂલ સ્વીકારી છે.

આ નારા પર પ્રતિક્રિયા આપતા, જેપી નડ્ડાએ કહ્યું કે તે તેમની હતાશા દર્શાવે છે. પીએમ મોદીના મૃત્યુની ઇચ્છા રાખવી ખૂબ જ નિંદનીય છે. સોનિયા ગાંધીએ આવા નારાઓ માટે રાષ્ટ્રની માફી માંગવી જોઈએ. કોંગ્રેસ રાજકારણમાં અકલ્પનીય સ્તરે પહોંચી ગઈ છે. કોંગ્રેસના મહાસચિવ કે.સી. વેણુગોપાલે કોંગ્રેસ પાર્ટીની ''મત ચોર, રાજગાદી છોડો'' રેલીને મળેલા પ્રતિભાવની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ લાંબા સમયમાં દિલ્હીમાં યોજાયેલી સૌથી મોટી રેલી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે રેલીમાં લોકોનો ગુસ્સો સ્પષ્ટપણે દેખાઈ રહ્યો હતો, જે દર્શાવે છે કે મત ચોરીનો મુદ્દો એક જન આંદોલન બનવા જઈ રહ્યો છે. મીડિયા સાથેની વાતચીત દરમિયાન, તેમણે કહ્યું કે આ રેલી લોકોની લાગણીઓને પ્રતિબિંબિત કરે છે. પીએમ મોદી વિરુદ્ધ કરવામાં આવેલી ટિપ્પણીઓ અંગે, તેમણે કહ્યું, ''વિપક્ષી નેતાઓ વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવી એ અમારી પાર્ટીની પ્રથા નથી. જો આપણે અન્ય પક્ષો પર નજર કરીએ તો, અમિત શાહે ગયા અઠવાડિયે ગૃહમાં જે પ્રકારની ભાષાનો ઉપયોગ કર્યો હતો તે સમજી શકાય તેવું હતું.'' તેમણે ઉમેર્યું, ''આ અમારી પાર્ટીનો ધોરણ નથી. આ દિલ્હીની સૌથી મોટી રેલીઓમાંની એક છે. જનતા અને કોંગ્રેસના કાર્યકરોમાં ઘણો ગુસ્સો છે. અમે મત ચોરી સામે લડી રહ્યા છીએ; આ એક જન આંદોલન બનવા જઈ રહ્યું છે.'' દરમિયાન, તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીએ ગરીબોના મતદાન અધિકારોનું રક્ષણ કરવાના પ્રયાસો બદલ રાહુલ ગાંધીની પ્રશંસા કરી.

દિલ્હીમાં ''મત ચોરી'' માટે કોંગ્રેસની મહારેલી પહેલા, ''મોદી, તમારી કબર ખોદવામાં આવશે'' ના નારાની આસપાસ રાજકીય નિવેદનબાજીએ પીએમ મોદી પાસેથી માફી માંગવાની માંગણી કરી. જેપી નડ્ડાએ સોનિયા ગાંધી પાસેથી માફી માંગવાની પણ હાકલ કરી. તેમણે કહ્યું કે કોંગ્રેસ પાર્ટી રાજકારણના અકલ્પનીય સ્તરે ઉતરી ગઈ છે. કિરેન રિજિજુએ આ ઘટનાને દુર્ભાગ્યપૂર્ણ ગણાવી અને સંસદમાં કોંગ્રેસ પાર્ટી પાસેથી માફી માંગવાની માંગ કરી. કોંગ્રેસના મહાસચિવ કેસી વેણુગોપાલે ટિપ્પણીઓનો જવાબ આપ્યો.

# ભાજપના નવા કાર્યકારી અધ્યક્ષ નીતિન નવીને સંભાળ્યો પદભાર

## ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા પણ રહ્યા હાજર



નવીદિલ્હી, તા. ૧૫
ભારતીય જનતા પાર્ટીના નવા કાર્યકારી અધ્યક્ષ નીતિન નવીન આજે પદભાર સંભાળશે. તેઓ દિલ્હી ભાજપ મુખ્યાલય પહોંચ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા પણ પાર્ટી મુખ્યાલય પહોંચ્યા હતા. અગાઉ, એરપોર્ટ પર નવીનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તા, દિલ્હી ભાજપ પ્રદેશ પ્રમુખ, દિલ્હીના તમામ સાંસદો અને તમામ મંત્રીઓ હાજર હતા. ભાજપના રાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ તરીકે નીતિન નવીનની નિમણૂક અંગે, તમિલનાડુ ભાજપના વડા નૈનર નાગેન્દ્રને કહ્યું, ''જે કંઈ થાય, મને આશા છે કે તેમનું પદ સફળ રહેશે. હું અમારા કાર્યકારી અધ્યક્ષનું સ્વાગત કરું છું.

અગાઉ, તેમના નામની જાહેરાત થતાં, નીતિન નવીને કહ્યું હતું કે, ''હું કેન્દ્રીય નેતૃત્વ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહ પ્રધાન અમિત શાહ, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને કેન્દ્રીય નેતૃત્વમાં રહેલા દરેકનો મને આ તક આપવા બદલ આભાર વ્યક્ત કરું છું. મને વડા પ્રધાનના આશીર્વાદ છે. હું તેમનું માર્ગદર્શન અને નેતૃત્વ આગળ ધપાવીશ. મને આપવામાં આવેલી જવાબદારી હું સંપૂર્ણ રીતે નિભાવીશ.'' ભારતીય જનતા પાર્ટીના નવા કાર્યકારી અધ્યક્ષ નીતિન નવીન દિલ્હી ભાજપ મુખ્યાલય પહોંચ્યા હતા જ્યાં તેઓ પદભાર સંભાળ્યો. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ પ્રમુખ જેપી નડ્ડા પણ પાર્ટી મુખ્યાલય પહોંચ્યા હતા. અગાઉ એરપોર્ટ પર નવીનનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું.

### નીતિન નવીન વિશે ખાસ વાતો

- નીતીશ કુમાર સરકારમાં મંત્રી અને પાંચ વખત ધારાસભ્ય.
- પટનાના બાંકીપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્ય.
- ભાજપના યુવા અને ગતિશીલ નેતાઓમાંના એક તરીકે ઓળખાય છે.
- ૨૩ મે, ૧૯૮૦ ના રોજ ઝારખંડના રાંચીમાં જન્મેલા.
- તેમના પિતા, નવીન કિશોર પ્રસાદ સિંહા, પણ ધારાસભ્ય હતા.
- કિશોર પ્રસાદ જેપી ચળવળ સાથે સંકળાયેલા હતા.
- તેમના પિતાના મૃત્યુ પછી, નીતિન રાજકારણમાં પ્રવેશ્યા.
- તેમણે ભારતીય જનતા યુવા મોરચાના પ્રમુખ અને રાષ્ટ્રીય મહાસચિવ તરીકે સેવા આપી.
- નીતિન ૨૦૦૬માં પહેલી વાર ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા.
- ત્યારથી, તેઓ ૨૦૧૦, ૨૦૧૫ અને ૨૦૨૦માં સતત ધારાસભ્ય તરીકે ચૂંટાયા છે.
- તેમણે ૨૦૨૦ની ચૂંટણીમાં લવ સિન્હાને હરાવ્યા હતા.
- ૨૦૨૫ની વિધાનસભા ચૂંટણીમાં તેમણે સતત પાંચમી વખત બાંકીપુર બેઠક જીતી હતી.
- તેઓ હાલમાં બિહાર સરકારમાં શહેરી વિકાસ અને ગૃહનિર્માણ મંત્રી છે.
- તેઓ અગાઉ જાહેર બાંધકામ વિભાગના મંત્રી તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.

# ભગવાનને પણ આરામ નહીં : સુપ્રીમ

## બાંકે બિહારી ટેમ્પલ ટ્રસ્ટ મુદ્દે સુપ્રીમની ટિપ્પણી : ઉચ્ચ સત્તા સમિતિ અને ઉત્તર પ્રદેશ સરકારને ફટકારી નોટીસ



નવીદિલ્હી, તા. ૧૫
સુપ્રીમ કોર્ટે ઉત્તર પ્રદેશ શ્રી બાંકે બિહારી જી ટેમ્પલ ટ્રસ્ટ ઓર્ડિનન્સ, ૨૦૨૫ ને પડકારતી અરજી પર સુનાવણી કરી. સુનાવણી દરમિયાન, સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે લોકો ભગવાનને પણ આરામ કરવા દેતા નથી. કેસનું પ્રતિનિધિત્વ કરતા એડવોકેટ શ્યામ દિવાને દલીલ કરી હતી કે દર્શનના સમયમાં ફેરફાર એ ધાર્મિક વિધિઓનો એક અભિન્ન ભાગ છે. આ સમયને ખૂબ માન આપવામાં આવે છે. તેથી, અન્ય મંદિરોથી વિપરીત, તેમાં લવચીકતાનું તત્વ હોઈ શકે છે. સીજેઆઈએ પૂછ્યું કે જો દર્શનનો સમય વધારવામાં આવે તો શું સમસ્યા છે. દિવાને કહ્યું કે આ માટે સંવેદનશીલતા જરૂરી છે. ઐતિહાસિક રીતે, દર્શન માટે નિર્ધારિત સમયનું કડક પાલન કરવામાં આવ્યું છે. સીજેઆઈએ નોંધ્યું કે આ તે સમય છે જ્યારે કહેવાતા શ્રીમંત લોકો, જેઓ મોટી રકમ ચૂકવે છે, તેમને ધાર્મિક વિધિઓ કરવાની મંજૂરી આપવામાં આવે છે.

સીજેઆઈએ અવલોકન કર્યું કે આ તે સમય છે જ્યારે તેઓ તમામ પ્રકારની પ્રથાઓમાં જોડાય છે, જેઓ મોટી રકમ ચૂકવી શકે તેવા લોકોને આમંત્રણ આપે છે. દિવાને કહ્યું કે આ આશંકા માન્ય છે, પરંતુ તે એક અલગ મુદ્દો છે. સીજેઆઈએ કહ્યું કે બીજો મુદ્દો દૈનિક પૂજા પ્રથા નાબૂદ કરવાનો છે. ધારો કે મૂળ સમય કરતાં ૧૦-૧૫ હજાર ભક્તોનો ઘટાડો થાય છે, પરંતુ કેટલાક હજારનો ઘટાડો થવાથી શું ફરક પડશે? દીવાને કહ્યું કે અમે ભાગદોડ જેવી પરિસ્થિતિ ઇચ્છતા નથી; અમને ભક્તોની અવરજવર પર નિયંત્રણની જરૂર છે. આ એક અલગ મુદ્દો છે.

સુપ્રીમ કોર્ટે બાંકે બિહારી મંદિર ઉચ્ચ સત્તા સમિતિ અને ઉત્તર પ્રદેશ સરકારને નોટિસ ફટકારી છે. જાન્યુઆરીમાં કોર્ટ ફરી ખુલવાના પહેલા અઠવાડિયામાં આ મામલાની સુનાવણી થશે. અરજીનો હેતુ ૧૯૩૯ના મેનેજમેન્ટ પ્લાનને રાજ્ય-નિયંત્રિત ટ્રસ્ટ સાથે બદલવાનો છે. અગાઉ, કોર્ટે અરજીની સુનાવણી કરવાનો ઇનકાર કર્યો હતો. મંદિરના દૈનિક કાર્ય પર દેખરેખ અને દેખરેખ રાખવા માટે અલ્હાબાદ હાઈકોર્ટના ભૂતપૂર્વ ન્યાયાધીશ અશોક કુમારની આગેવાની હેઠળ એક ઉચ્ચ-સ્તરીય સમિતિની રચના કરવામાં આવી હતી. વકીલ શ્યામ દીવાને કહ્યું કે કોર્ટે ચાર પાસાઓ પર વિચાર કરવો જોઈએ.

સુપ્રીમ કોર્ટે બાંકે બિહારી મંદિર ટ્રસ્ટ વટહુકમ ૨૦૨૫ ને પડકારતી અરજીની સુનાવણી કરી. કોર્ટે દર્શનના સમયમાં ફેરફાર અને શ્રીમંત ભક્તોની પ્રાથમિકતા પર પ્રશ્ન ઉઠાવ્યો. સીજેઆઈએ કહ્યું કે જે લોકો મોટી રકમ ચૂકવી શકે છે તેમને જ આમંત્રણ આપવામાં આવે છે. તેમણે કહ્યું કે લોકો ભગવાનને પણ આરામ કરવા દેતા નથી.

સ્ટેટ મોનીટરીંગ સેલનો વધુ એક સપાટોઃ પશુ આહારની ગુણીઓ પાછળ છુપાવ્યો હતો જથ્થો

# ચોટીલા પાસેથી ૭૨ લાખનો દારૂ ઝડપાયો

## બળદેવ હોટલના પાર્કિંગ પાસે દરોડોઃ પોલીસે ટ્રક ડ્રાઈવર અજય ભરઈની ધરપકડ કરી ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી

રાજકોટ, તા. ૧૫

સ્ટેટ મોનીટરીંગ સેલ એસએમસીનો વધુ એક દરોડો પડ્યો છે. જેમાં ચોટીલા નજીકથી ૭૨ લાખનો દારૂ પકડી લેવાયો છે. એકત્રીસમી ડિસેમ્બર નજીક છે ત્યારે બુટલેગરોના વધુ એક નેટવર્ક પર પોલીસે ઘા કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જાખઈની ટીમે ચોટીલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બળદેવ હોટલના પાર્કિંગમાં રેડ કરી હતી. આ રેડ દરમિયાન, એક વાહનમાંથી ૬૫૫૦ જેટલી ઈન્ડિયન મેડ ફોરેન લીકરની બોટલો મળી આવી હતી, જેની કિંમત આશરે ૭૨,૦૫,૦૦૦ થાય છે. આ દારૂનો જથ્થો પંજાબની બત્રા બ્રુઅરીઝ એન્ડ ડિસ્ટિલરીઝ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા 'પંજાબમાં વેચાણ માટે જ'ના લેબલ સાથે બનાવવામાં આવ્યો હતો.

પોલીસે ઘટનાસ્થળેથી દારૂના જથ્થા ઉપરાંત ૧૫,૦૦,૦૦૦ની કિંમતનું એક વાહન, ૫,૦૦૦ની કિંમતનો એક મોબાઈલ ફોન, દારૂ છુપાવવા માટે ઉપયોગમાં લેવાયેલી ૭૨,૫૦૦ની કિંમતની ૨૫૦ જેટલી પશુ આહારની બેગો, ૬૦ રોકડા અને અન્ય ૧૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કુલ મુદ્દામાલની કિંમત ૮૭,૮૩,૫૬૦ આંકવામાં આવી છે.

આ રેડ દરમિયાન પોલીસે ટ્રક ડ્રાઈવર અજય દેવરાખીભાઈ જીવાભાઈ ભરઈ (રહે- ભાગવતિપરા સોસાયટી, જામજોધપુર, જામનગર)ની ધરપકડ કરી ચોટીલા પોલીસ સ્ટેશનને સુપરત કર્યો છે. આ ઉપરાંત, આ કેસમાં અન્ય ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે, જેમાં મુખ્ય દારૂ મેળવનાર ભાયા માયાભાઈ મોરી (રહે- ફુલજર નેશ, ખંભાળા, પોરબંદર), તેના ભાગીદાર ભાવેશ સામતભાઈ મોરી (રહે- બખરાળા, પોરબંદર), અને દારૂ સપ્લાય કરનાર અજાણ્યા વ્યક્તિનો સમાવેશ થાય છે. આ રેડ એસએમસી ર્ક્જઈ આર.બી.વણાર દ્વારા કરવામાં આવી હતી. આ મામલે ચોટીલા પોલીસ સ્ટેશનમાં પ્રોહીબીશન એક્ટની કલમો ૬૫(એ)(ઈ), ૮૧, ૮૩, ૯૮(૨), ૧૧૬(બી) અને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમો ૧૧૧(૨)(બી), ૧૧૧(૩)(૪) હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.



વધુ છ પરિવારઓએ ગુમાવી દીધા પોતાના સ્વજનોઃ શોકની કાલીમા

# વાહન અકસ્માત, દિલની દગાખોરી યુવાન-પ્રૌઢ-મહિલાના ભોગ લઈ ગઈ

## જે અકસ્માતમાં અગાઉ ત્રણ જીવ ગયા હતાં તેમાં ઘાયલ ચોથા યુવાને દમ તોડ્યોઃ પ્રૌઢ, મહિલા, વૃધ્ધના હૃદય ધબકારા ચુક્યાઃ એક પ્રૌઢનું લોહીની ઉલ્ટી થયા બાદ મૃત્યુ થયું

રાજકોટ, તા. ૧૫

અપમૃત્યુના વધુ છ બનાવ બન્યા છે. જેમાં એક યુવાનને વાહન અકસ્માતની ઘાત નડી ગઈ હતી. તો એક પ્રૌઢ, એક મહિલા સહિત ત્રણના હૃદય બેસી જવાથી મૃત્યુ થયા હતાં. એક આધેડનું બેભાન હાલતમાં અને બીજા પ્રૌઢનું લોહીની ઉલ્ટી થયા બાદ મૃત્યુ થયું હતું.

પ્રથમ ઘટના જોઈએ તો બાર દિવસ પહેલા કચ્છના ભચાઉ-ગાંધીધામ વચ્ચે વરસાણા ચોકડી પાસે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં પીકઅપ વાન પાછળ ટ્રક ઘુસી જતાં ઘટના સ્થળે જ ત્રણ લોકોના મોત થયા હતાં. વધુ એક ગંભીર ઈજાગ્રસ્ત યુવાનનું રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થતાં મૃત્યુઆંક ચાર થઈ ગયો હતો. અંજારના પડાણા વસાહતમાં રહેતો જયદેવભાઈ કિશનભાઈ રજવાર નામનો ત્રીસ વર્ષનો યુવાન ગત ત્રીજી ડીસેમ્બરના રોજ સાથી કર્મચારીઓ સાથે પીકઅપવાનમાં બેસીને ભીમાસર પાસે આવેલી કંપનીએ કામે જવા રવાના થયો હતો ત્યારે ભચાઉ-ગાંધીધામ હાઈવે પર આવેલી વરસાણા ચોકડી પાસે પુરપાર ઝડપે આવતા ટ્રકે પીકઅપવાનને પાછળથી ઠોકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો.

તે વખતે ત્રણ લોકોના ઘટના સ્થળે જ મોત થયા હતાં. જ્યારે જયદેવભાઈ સહિતનાને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે જુદી જુદી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. દરમિયાન જયદેવભાઈને વધુ સારવાર માટે રાજકોટ સિવિલમાં ખસેડાતા ગઈકાલે સાંજે ચાલુ સારવાર દરમિયાન મોત નિપજતા બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભચાઉ પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી. યુવાન દિકરાના મોતથી પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

અન્ય ઘટનાઓ પર નજર કરીએ તો જામનગર રોડ પર પરાપીપળીયા ગામે રહેતાં અને સન બ્રીક્સ નામની ઈંટોની ફેક્ટરીમાં કામ કરતાં મુળ ઓરીસ્સાના એકાવન વર્ષના આશુતોષભાઈ આનંદનભાઈ માંઝી રાતે દોઢ વાગ્યે બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે મૃત જાહેર કર્યા હતાં. તેઓ બે ભાઈ અને એક બહેનમાં વચેટ હતાં. સંતાનમાં એક દિકરી છે. બારેક વર્ષથી તેઓ અહિ રહી ફેક્ટરીમાં કામ કરતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું.

તેમજ રૈયાધાર સ્લમ ક્વાર્ટર નં. ૫૪૨માં રેહેતાં રેખાબેન વિજયભાઈ સોલંકી નામના સુડતાલીસ વર્ષના મહિલા સવારે ચારેક વાગ્યે ઘરે બેભાન થઈ ઢળી પડતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. તેમને હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું. તેમના પતિ કારખાનામાં મજૂરી કરે છે. સંતાનમાં એક દિકરો અને એક દિકરી છે. જ્યારે ચોથા બનાવમાં ગોંડલ રોડ સદ્દભાવના વૃધ્ધાશ્રમમાં રહેતાં ગોરધનભાઈ ગંગદાસભાઈ પટોડીયા નામના વૃધ્ધ બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેક આવી ગયાનું બહાર આવ્યું હતું. ત્રણેય બનાવમાં હોસ્પિટલ ચોકીના અમૃતભાઈ મકવાણા, યુવરાજસિંહ પરમાર, રવિભાઈ, ધર્મેન્દ્રભાઈ, શક્તિસિંહે ગાંધીગ્રામ, યુનિવર્સિટી અને માલવીયાનગર પોલીસને જાણ કરી હતી.

પાંચમા બનાવમાં રેલનગરના રામેશ્વર પાર્ક-૩માં રહેતાં છેતાલીસ વર્ષના સુનિલભાઈ રામસિંગભાઈ મકવાણા નામના આધેડ ઘરે બેભાન થઈ જતાં ૧૦૮ને જાણ કરવામાં આવી હતી. તેના તબિબે તેમને મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. બનાવની જાણ ૧૦૮ મારફત થતાં પ્ર.નગર પોલીસ સ્ટેશનના એએસઆઈ કે. કે. ઝાલા સહિતે ઘટના સ્થળે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. સુનિલભાઈને શ્વાસની તકલીફ હોવાનું સગાએ જણાવ્યું હતું.

તો છઠ્ઠા બનાવમાં આજીડેમ ચોકડી નજીક ભારતનગરમાં બાપા સિતારામ સર્વિસ સ્ટેશન પાસે કેડીએમ હોટેલ સામે રહેતાં બાબુભાઈ દેવજીભાઈ મકવાણા નામના પંચાવન વર્ષના પ્રૌઢને સવારે ચારેક વાગ્યે ઘરે એકાએક લોહીની ઉલ્ટી થયા બાદ બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ તબિબે નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં શોક છવાઈ ગયો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં થોરાળા પોલીસે કાર્યવાહી કરી હતી. આમ છ ઘટનાઓમાં પોતાના સ્વજનો ગુમાવી દેનારા પરિવારોમાં શોકની કાલીમા વ્યાપી ગઈ હતી.



# પરિણીતા ઉપર સાસુ-સસરાનો હુમલો

## મોરબી રોડની સોસાયટીનો બનાવ : ઘરકામ સહિતના ગુજારાયો સિતમ હોસ્પિટલના બીછાને પહોંચેલી મહિલાની ફરિયાદ નોંધવા પોલીસની તજવીજ

રાજકોટ, તા. ૧૫

પરિણીતાઓને અલગ અલગ કારણોસર પતિ-સાસરીયા ત્રાસ આપતા હોવાના કિસ્સા રોજબરોજ પોલીસ સુધી પહોંચતા હોય છે. અનેક બનાવોમાં તો પરિણીતાઓ સંસાર જીવન ન બગડે તે માટે થઈને ફરિયાદ નોંધાવવાનું પણ ટાળતી હોય છે. દરમિયાન એક બનાવમાં શહેરના મોરબી રોડ જકાતનાકા પાસે આવેલી અક્ષરધામ સોસાયટી શેરી નં. ૨માં રહેતાં સાડત્રીસ વર્ષના ભાવનાબેન અતુલભાઈ કદાવલા નામના મહિલાન તેણીના પતિ અતુલ કદાવલા, સાસુ લીલાબેન અને સસરા ડાયાભાઈ કદાવલાએ ઘરમાં પુરીને ઢીકા-પાટાનો બેફામ માર મારતાં હોસ્પિટલમાં દાખલ થવાની નોબત આવી હતી.



વિગતો પર નજર કરીએ તો ભાવનાબેનને મોઢા, શરીરે મારી તેમજ ડાબા કાન પાછળ માથામાં લાદી ફટકારી ઈજાઓ કરતાં તેણીને લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. તેણીએ પુછતાછમાં પોતાને પતિ, સાસુ, સસરાએ મારકુટ કરી હોવાનું કહેતાં તબિબે પોલીસ કેસ જાહેર કરતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે બી-ડિવીઝન પોલીસમાં નોંધ કરાવી હતી. ભાવનાબેને જણાવ્યું હતું કે મારા લગ્ન અઢાર વર્ષ પહેલા થયા છે. સંતાનમાં પંદર વર્ષની દિકરી અને સત્તર વર્ષનો દિકરો છે. મારા માવતર રાણા રોજીવાડા ગામે રહે છે. પતિ અતુલ કદાવલા કેટરર્સનું કામ કરે છે.

તેણીએ વધુ માહિતી આપતાં કહ્યું હતું કે અવાર-નવાર મારા સાસુની ચઢામણીને કારણે પતિ માથાકુટ કરે છે અને અગાઉ પણ મારકુટ કરી હતી. આ વખતે ફરીથી ડખ્ખો કરી મને ઘરમાં પુરીને પતિ, સાસુ, સસરાએ બેફામ માર માર્યો હતો. આ વખતે બહાર મારો દિકરો, દિકરી દેકારો મચાવતાં હતા. મારકુટ કાર્ય બાદ મને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં વાહન સ્લીપ થઈ જવાથી ઈજા થયાનું ડોક્ટરને જણાવ્યું હતું. પણ મેં તક જોઈ ડોક્ટરને સાચી વાત કરતાં ડોક્ટરે ત્યાંથી રજા આપી દીધી હતી. બાદમાં મને સિવિલ હોસ્પિટલમાં ખસેડી હતી. એ પહેલા મેં મારા માવતરને જાણ કરી હોઈ જામનગરથી મારા ભાઈ પણ રાજકોટ આવી ગયા હતાં. ઘરકામ સહિતની નાની નાની વાતે આ રીતે ત્રાસ ગુજારાતો હોવાનો આક્ષેપ ભાવનાબેને કરતાં પોલીસે ખરેખર શું બન્યું હતું? તેની તપાસ શૂ કરી હતી.

# ફ્રોડના નાણા મેળવી કમીશન ખાતા ૯ ઝબ્બે

## ૨.૫૦ લાખનો મુદ્દામાલ કબજે : મુખ્ય આરોપીની શોધખોળ

રાજકોટ, તા.૧૫

દુબઈથી સંચાલિત સાયબર ફ્રોડથી મેળવેલા ૯૪,૮૯,૦૭૭ રૂપિયાની છેતર પિંડીનો ભંડાફોડ થયો છે.

સાયબર ક્રાઈમના ગુનામાં વપરાતા મ્યુલ બેંક એકાઉન્ટ ચલાવનાર ૯ શખ્શોને અઢી લાખના મોબાઈલ સાથે પકડી પાડી જેતપુર સીટી પોલીસે મુખ્ય સુત્રદ્ધારની શોધખોળ આદરી છે. પોલીસે નિયત પોર્ટલનો ઉપયોગ કરી મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડરની પ્રાથમિક તપાસ કરી, ગુનેગારો અને એજન્ટ વિરુદ્ધ કરી કડક કાર્યવાહી કરવામાં આવી છે.



આરોપીઓએ આર્થિક ફાયદા માટે એજન્ટો સાથે મળી સાયબર ફ્રોડથી નાણાં મેળવ્યા હોવાનું બહાર આવ્યું છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓએ એજન્ટો મારફત સબ એજન્ટો દ્વારા અલગ અલગ બેન્ક હોલ્ડરોને લાલચ આપી તેમના ખાતામાં રૂપિયા ટ્રાન્સફર કરાવતા'તા. આરોપીઓ રૂપિયા ચેક અથવા એટીએમ દ્વારા રોકડ ઉપાડીને આંગડિયા મારફત રૂપિયા મેળવતા હતા. પોલીસે મ્યુલ બેંક એકાઉન્ટ હોલ્ડર સાયબર ફ્રોડથી મેળવેલા રૂપિયા સગેવગે કરનાર એજન્ટ સહિત દસ શખ્સો વિરુદ્ધ ગુન્હો દાખલ કરી નવને ઝડપી લીધા છે.

જેમાં જેતપુરના દિપશન ગોહેલ. વરુણ લૂણી, ઉમેશ ભોજૈયા,પ્રકાશ રાઠોડ, સાહીલ જાડેજા, પ્રદીપ બાયલ, પાર્થિવ ગોવાણી, કેવલ સીતાપરા અને અમદાવાદના હર્ષદ દેસાઈ નો સમાવેશ થાય છે. જ્યારે મુખ્ય આરોપી દુબઈથી સંચાલન કરનાર રાહુલ પટેલ ને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આરોપીઓએ વિવિધ ૧૭ જેટલા બેંક એકાઉન્ટ ખાતેદારોનો ઉપયોગ કર્યો હોવાની વિગતો બહાર આવી છે. પોલીસે આરોપી પાસેથી અઢી લાખના ૧૦ મોબાઈલ કબ્જે કર્યો છે. જેતપુર સીટી પોલીસના પીઆઈ એ.ડી.પરમાર દ્વારા સાયબર ફ્રોડથી બચવા ચેતવણી પણ અપાઈ છે કે કોઈને ચેક બુક, એટીએમ કાર્ડ, બેંક એકાઉન્ટ, મોબાઈલ, સિમ કાર્ડ આપવું નહીં.

પહેલા વારે-તહેવારે પાટલા મડાતા હવે તો મોસમ ખીલેલી રહે છે બારેમાસ!

# ઘરમાં-જાહેરમાં જૂગટુ ખેલનારા ૨૦ ખેલીનો ખેલ બગડ્યો

## માંડ જમાવટ પકડી હતી ત્યાં તાલુકા અને એ-ડિવીઝન પોલીસે ત્રાટકી પત્તાપ્રેમીઓને પકડી લીધા

રાજકોટ, તા. ૧૫

શહેરમાં જૂગારની મોસમ હવે ગમે ત્યારે ખીલી જાય છે. ગઈકાલે ઘોડીપાસાના પાટલા પર રમાતો જૂગાર પીસીબીએ પકડી લીધા બાદ વધુ બે સ્થળે દરોડા પાડી વીસ શખ્સોને પકડી લેવાયા છે. એક સ્થળે એ-ડિવીઝન પોલીસે પટમાં દરોડો પાડી દસ શખ્સોને અને બીજા દરોડામાં તાલુકા પોલીસે ઘરમાં દરોડો પાડી બીજા દસ શખ્સોને દબોચી લીધા હતાં. સામાન્ય રીતે સાતમ આઠમના તહેવારો ઉપર કે દિવાળીના તહેવારો વખતે જૂગારની મોસમ ખીલી જતી હોય છે અને આવા દરોડા પણ પુષ્કળ પ્રમાણમાં પાડવામાં આવતાં હોય છે. પરંતુ હવે તો જાણે બારેમાસ આ મોસમ ખીલેલી રહેતી હોય તેમ રોજબરોજ જુગાર રસીકો બેસી જતાં હોય છે.



વિગતો જોઈએ તો શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા ગતરોજ સાંજે જુગારના અડ્ડા પર દરોડો પાડીને કુલ દસ ઈસમોને ગંજીપાના વડે જુગાર રમતા રંગે હાથે પકડી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી કુલ રૂપિયા ૪૦,૯૮૦ રોકડ રકમ અને જુગારનું સાહિત્ય કબજે કર્યુ હતું. એ-ડિવિઝન પોલીસ સ્ટેશનના પો. હેડ કોન્સ્ટેબલ ધારાભાઈ નારણભાઈ વાનરીયાઅને ટીમના હેડકોન્સ કનુભાઈ બસીયા, કલ્પેશભાઈ બોરીચા અને મહેશભાઈ ચાવડા સહિતના ખાનગી વાહનમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા. આ પેટ્રોલીંગ દરમિયાન, રાજપુતપરા મેઈન રોડ પાસે આવતા પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે રાજપુતપરા શેરી નં. ૦૫ના ખૂણા પાસે જાહેરમાં કેટલાક ઈસમો ગોળ કુંડાળું વળીને ગંજીપાના વડે પૈસાની હારજીતનો જુગાર રમી રહ્યા છે.

બાતમીના આધારે, પોલીસે તાત્કાલિક સ્થળ પર દરોડો પાડ્યો હતો. જુગાર રમતા તમામ શખ્સોને પકડી પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી જુગાર રમતા કુલ ૧૦ આરોપીઓની અટકાયત કરી હતી. પોલીસે રામદાન સ/ઓ લીપડુભાઈ ચૌધરી (ઉ.વ. ૪૫) જે શ્રી ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓરડીમાં રહે છે તેને તથા રાજપુતપરા શેરી નં. ૦૫, રાજકોટ ખાતે રહે છ, જીતેન્દ્ર ઉર્ફે ભીમો તોષકુમાર ચૌધરી (ઉ.વ. ૧૯) પણ શ્રી ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓરડીમાં, રાજપુતપરા શેરી નં. ૦૫ ખાતે રહે છે, કૈલાશ સાધુરામ ચૌધરી (ઉ.વ. ૪૦) જેનું રહેઠાણ પણ શ્રી ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓરડી, રાજપુતપરા શેરી નં. ૦૫ છે તેમજ અરૂણ વિધારામ ચૌધરી (ઉ.વ. ૧૯) , ફરહાતઅલી છેદીભાઈ દરજી (ઉ.વ. ૪૬), જે મેટોડા જી.આઈ.ડી.સી.માં મજુરી કરે છે અને હાલ શ્રી ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓરડીમાં રહ છે. પ્રેમનાથ રામધીરજ સાધું (ઉ.વ. ૩૫) જે લક્ષ્મીનગર શેરી નં. ૦૨, મારૂતીનંદન મકાન સામેરહે છે, રામતઅલી મજનુઅલી દરજી (ઉ.વ. ૪૨) ખોડીયાર ટ્રાન્સપોર્ટની ઓરડીમાં રહે છ, જયેશ મનુભાઈ ડાભી (ઉ.વ. ૪૫) જે વિજય પ્લોટ શેરી નં. ૨૫, ચામુંડા કૃપા મકાન ખાતે રહે છે, કનૈયા સાધુરામ ચૌહાણ (ઉ.વ. ૩૮) પણ ટ્રાન્સપોર્ટની ઓરડી, રાજપુતપરા શેરી નં. ૦૫ ખાતે રહે છે અને રાધેશ્યામ હનુમાન પ્રસાદ વર્મા (ઉ.વ. ૬૩) જે મવડી પ્લોટ શેરી નં. ૦૩ ખાતે રહે છે. આ તમામની સામે કાર્યવાહી થઈ હતી.

જ્યારે બીજા દરોડામાં નાના મૌવા રોડ પર ભીમનગરમાં એક મકાનમાં જુગારધામ ચાલતું હોવાની તાલુકા પોલસ મથકના કોન્સ. પાર્થભાઈ સોજીત્રાને બાતમી મળતા પીએસઆઈ કે. એચ. કારેણા, એ.એસ.આઈ. સલીમભાઈ માડમ, જનકસિંહ ગોહિલ તથા કોન્સ. વિજયભાઈ ઝુંઝા સહિતે ભીમનગર શેરી નં. ૮ માં મકાનમાં દરોડો પાડી તીનપતીનો જુગાર રમતા મકાન માલીક સુનીલ બાબુભાઈ વઘેરા તથા કોઠારિયા રોડ વિવેકાનંદનગર શેરી નં. ૧૪ના હીરેન રસીકભાઈ આડેસરા, જામનગર રોડ પર સાધના એપાર્ટમેન્ટમાં રહેતા જાફર ઉર્ફે અકરમ ઈકબાલભાઈ કીડીયા, મેટોડા ચંદ્રપાર્કના દીપક પોલાભાઈ ચુડાસમા, ચુનારાવાડ ચોક ઠકકરબાપા સોસાયટીના સચીન બાબુભાઈ સોલંકી, કાલાવડ રોડ પર વીર સાવરકરનગરના મુકેશ નાથાભાઈ પરમાર, નાણાવટી ચોક, ઘરમનગર આવાસના કવાર્ટરના અમીન જહુરભાઈ શીશાંગીયા, ભગવતીપરા શેરી નં. ૧૦ના ઈકબાલ ખાલીદભાઈ આરબ, મનહર સોસાયટીના રઉફ ઉર્ફે મુન્નો ગફારભાઈ ફુફાર અને લોહાનગરના અનીલ સતરાભાઈ ઉઘરેજાને પકડી લઈ રૂા. ૧૫,૧૦૮ની રોકડ સહિતની મત્તા કબ્જે કરી હતી. આમ બે સ્થળે પત્તા ટીચતા વીસને લોકઅપની હવા ખાવાની વેળા આવી હતી.

### પહેલા દસ હજારના રોકાણ પર બીજા જ દિવસે સોળ હજાર મળતાં લાલચમાં લપેટાઇ ગયો

# કમાણીની લ્હાયમાં યુવાને ગુમાવ્યા પાંચ લાખ

## વોલેટમાં પાંચ લાખનું રોકાણ કર્યા બાદ ચોવીસ લાખનો નફો બતાવ્યોઃ પણ આ રકમ ઉપાડવા બીજા એક લાખ સાંઇઠ હજાર મંગાયાઃ કંપનીની હિસ્ટ્રી ચેક કરતાં કોઇ ડેટા ન મળતાં છેતરાયાની ખબર પડી

રાજકોટ, તા. ૧૫

અલગ અલગ તુકકા અજમાવીને લોકોને છેતરી લેવાના બનાવોમાં રોજ નવા શિકાર બનેલા લોકો પોલીસ સ્ટેશને પહોંચી જાય છે. શેર બજારમાં રોકાણના નામે વધુ એક યુવાનને છેતરી પાંચ લાખ ઉસેડી લેવાયા છે. પહેલા દિવસે આ યુવાન પાસે દસ હજારનું રોકાણ કરાવડાવી બીજા જ દિવસે તેને નફા તરીકે છ હજાર આપી સોળ હજારનો આંકડો વોલેટમાં બતાવાયો હતો. આ રીતે યુવાનને લલચાવી લપેટી લવાયો હતો. બીજી તરફ ઓફલાઇન ઠગાઇમાં વેલ્યુઅરે નકલી સોનુ સાચુ હોવાનું સર્ટીફિકેટ આપી દેતાં તેના આધારે બેંકમાંથી સાડા તેર લાખની બે લોખ મંજુર કરાવી લઇ ધૂંબો મારી દેવાયો હતો.

પ્રથમ ઓનલાઇન ફ્રોડ પર નજર કરીએ તો વધુ એક વખત શેર બજારમાં રોકાણ કરી કમાણી કરી લેવાની લાલચ લઇ ડુબી છે. બાવળામાં રહેતાં યુવકને શેરબજારમાં રોકાણ કરવાના બહાને પાંચ લાખ પાંચ હજાર પડાવી લેનારા સાયબર માફીયા સાને પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. બાવળામાં રહેતાં લાનદાસ સાહેબદાસ લીખારેને લિંક ગ્લોબીક્સ વોલ્ટ મોકલીને બીજાએ મેળવી આપેલા પ્રોફીટના સ્ક્રીશોટ પણ મોકલેલા. જેથી તેમને વિશ્વાસ બેસતાં ગુગલ-પે થી દસ હજાર રૂપીયા ટ્રન્સફર કરતાં ગ્લોબીક્સવોલ્ટની વેબસાઈટ ઉપર ઈન્વેસ્ટ કરાવાયુ હતું. બીજા દિવસે તે વેબસાઈટ ઉપર ૬,૦૦૦ પ્રોફીટ સાથે ૧૬,૦૦૦ રૂપીયા બતાવેલા.જે રૂપીયા વીડ્રો કરવા માટે એપ્લીકેશન ડાઉનલોડ કરાવી તેમાંથી રૂપીયા વી ડ્રો કરતા તેમનાં ખાતામાં સોળ હજાર રૂપીયા આવી ગયા હતાં.

તે વખતે કોઈ કમીશન લીધુ નહી.પરંતુ બાદમાં મળતા પ્રોફીટ ઉપર ત્રીસ કમીશન આપવુ પડશે તેવી વાત કરેલી. તેણે એક વોટ્સએપ ગૃપમાં તેમને એડ કરેલા.આ ગૃપમા તે યુપીઆઇ આડી મોકલતા હતા.જેના ઉપર તે રૂપીયા ટ્રાન્સફર કરતો હતો. વહોટસસએપ ગ્રુપમાં જન્નતબાનો નામની યુપીઆઇઆઇડી મોકલી આપતાં વીસ હજાર રૂપીયા ટ્રાન્સફર કરતાં પચાસ હજાર રૂપીયા પ્રોફીટ થયેલાનો સ્ક્રીનશોટ વ્હોટ્સએપ ગ્રુપમાં મોકલી આપયા હતાં.

ત્યારબાદ આ રૂપીયા વીડ્રો કરવા માટે પહેલા કમીશન પેટે રૂપીયા આપનું કહેતાં યુપીઆઇ આઇડી ઉપર ૧૦,૦૦૦ રૂપીયા ટ્રાન્સફર કર્યા હતાં. આ રોકાણ બાદ રૂપિયા ૭૦,૦૦૦ વિડ્રો કરતા બે અલગ અલગ યુપીઆઇ આઇડી ઉપરથી તેમનાં ખાતામાં ૭૧,૭૩૮ રૂપીયા જમાં થયેલા. આ પછી ઇન્વેસ્ટ કરવા અને કમીશન પેટે અલગ



**બીજી ઘટનામાં બેંકને નકલી દાગીના ધાબડી સાડા તેર લાખની લોન લઇ લેવાઇ**

અલગ યુપીઆઇ આઇડીથી બેંક ખાતામાંથી પાંચ લાખ પાંચ હજાર રૂપીયા ટ્રાન્સફર કરેલા. જેથી ગ્લોબીક્સવોલ્ટ વેબસાઈટ ઉપર પ્રોફીટ સાથે ૨૪,૦૦,૦૦૦ રૂપીયા બતાવતા હતા. જે વીડ્રો કરવા માટે અગાઉ પણ કમીશન પેટે રૂપિયા ટ્રાન્સફર કરેલા હોવા છતાં બીજા ૧,૬૦,૦૦૦ રૂપીયા માંગતા શંકા જતા ફરિયાદ નોંધાવી હતી.

આ કેસમાં સાયબર ગઠિયા પાસેથી આઈડેન્ટી પ્રુફ માંગતાં તેમાં એડ્રેસ ઈંગ્લેન્ડનું હતું. આથી કંપીનીની હિસ્ટ્રી ગુગલમાં ચેક કરતાં વેબસાઈટના માલિક વિશે ઓનલાઈન વિગતવાર માહિતી ઉપલબ્ધ ન હતી. કંપનીનું રજિસ્ટ્રેશનમાં નામ દેખાતું નથી. કારણ કે તે પ્રાઈવસી સુરક્ષા હેઠળ છુપાવાયેલું હોઈ શકે તેવું જાણવા મળતાં યુવકને પોતે છેતરાઇ ગયાનો અહેસાસ થતાં સાયબર ક્રાઇમને જાણ કરી હતી.

બીજી ઘટના વડોદરાની છે. ન્યુ વીઆઈપી રોડની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં નકલી સોનાના દાગીનાના સાચા હોવાના મુલ્યાંકનકારના અહેવાલ આધારે રૂ.૧૩.૫૩ લાખની લોન મંજૂર થઈ ગઈ હતી. જોકે દાગીના ખોટા હોવાનું સામે આવતા ન્યુ વીઆઈપી રોડની સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાના બ્રાન્ચ મેનેજર સૌરભ દિનેશ-સાદ શાહે ફરિયાદ નોંધાવતાં ૩ સામે ઠગાઈનો ગુનો નોંધાયો છે. માંડવીની શ્રદ્ધા જ્વેલર્સના દિલીપ નટવર સોની બેંક સાથે મુલ્યાંકનકાર તરીકે જોડાયો હતો. દિલીપ વડોદરા શહેર અને ગ્રામ્યની શાખાઓમાં સોનાની લોન સામે ગીરવે મુકવામાં આવતા સોનાના દાગીનાનું વજન, ગુણવત્તા અને શુદ્ધતા પ્રમાણીત કરવા અધિકૃત કરાયો હતો.

બાદમાં જીગ્નેશ હસમુખ સોની બેંકમાં સોનાના દાગીના ગીરવે મુકવા આવ્યો હતો. દિલીપે તેનું રૂ.૧૬.૮૪ લાખનું મુલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ જીગ્નેશની રૂ.૯.૮૮ લાખની લોન મંજૂર થઈ હતી. એક મહિના બાદ રફિક અશરફ મલેક બેંક પર દાગીના લઈને ગયો હતો. તેના દાગીનાનું દિલીપે કુલ રૂ.૫.૨૪ લાખનું મુલ્યાંકન કર્યું હતું. ત્યારબાદ રફિકની રૂ.૩.૬૫ લાખની લોન મંજૂર થઈ હતી. બેંકના નિયમ મુજબ વર્ષ બાદ દાગીનાનું ફરીથી મુલ્યાંકન કરવા બંને લોન ધારકે હાજર રહેવાનું હતું. જોકે તેઓ હાજર થતા નહોતા. બેંકે દાગીનાનું પેનલ મુલ્યાંકન કરાવતા જીગ્નેશ અને રફિકના તમામ દાગીના નકલી હોવાનું સામે આવ્યું હતું. જોકે આ સમગ્ર મામલે વારસીયા પોલીસે ત્રણ શખ્સો સામે છેતરપિંડીનો ગુનો નોંધીને તપાસ શરૂ કરી હતી.

આ કિસ્સામાં બેંકમાં મેનેજર પર મેનેજર બદલાતા રહ્યા હતા. જેથી જે-તે સમયે મામલા અંગે કોઈ ગુનો નોંધાયો નહોતો. બેંકે લોન ધારકો રૂપિયા ભરી દેશે અને સમાધાન થશે તેમ પણ વિચાર્યું હતું. પરંતુ તેમાં કશું આગળ વધ્યું નહોતું. બીજી બાજુ વાઘોડિયાની બ્રાન્ચમાં દિલીપ સોનીના મુલ્યાકણના આધારે લોન અપાઈ હતી અને તેમાં પણ ઠગાઈ થઈ હોવાનું સામે આવ્યું હતું.

# કપડાના ધંધાની આડમાં ફરીદા કરતી'તી ગાંજાનું વેંચાણ!

## કોઠારીયા સોલવન્ટ રસુલપરાની મહિલા અને સાગ્રીતને બે લાખના ગાંજા સાથે પકડી લેવાયા આ વખતે પણ રાજસ્થાન કનેકશન ખુલ્યુંઃ અગાઉ શાપર પોલીસે પણ આવા ગુનામાં પકડી હતી

રાજકોટ, તા. ૧૫

માદક પદાર્થનું દૂષણ શહેરમાં ઘર કરી ગયું છે. એક તરફ પોલીસની ટીમો દેશી-વિદેશી દારૂના ધંધાર્થીઓને ઝડપી લેવા મંડી પડી હોય છે તો બીજી તરફ ડ્રગ્સ જેમ કે એમડી, બ્રાઉન સ્યુગર, ગાંજો સહિતના પદાર્થોનું સેવન કરનારા, વેંચનારા પણ વધી ગયા છે. આ વાતની પ્રતીતિ ખુદ પોલીસના દરોડા પરથી થઇ રહી છે. શહેરમાં અવાર-નવાર આ પ્રકારના માદક પદાર્થની હેરાફેરીના પર્દાફાશ થાય છે. સરધારના અણીયારીમાં એક કરોડના ગાંજાનું વાવેતર પકડાયાની તપાસ હજુ થઇ રહી હતી ત્યાં બીજી તરફ શહેર એસઓજીએ કોઠારીયા સોલવન્ટ રસુલપરાની મહિલા અને સાગ્રીતને બે લાખના ગાંજા સાથે દબોચી લીધા હતાં. કપડાના ધંધાથી આડમાં આ મહિલા ગાંજો વેંચતી હતી, વધુ એક વખત ગાંજાનું કનેકશન રાજસ્થાન તરફ નીકળ્યું હતું.

વિગતો પર નજર કરીએ તો કોઠારીયા સોલવન્ટ રસુલપરામાં રહેતી અને અગાઉ શાપરમાં પણ માદક પદાર્થના ગુનામાં પોલીસ ચોપડે ચડી ચુકેલી કપડાની ધંધાર્થી મહિલા અને તેના રિક્ષાચાલક સાગ્રીતને ૪.૦૨૫ કિલોગ્રામ ગાંજા સાથે કોઠારીયા ચોકડી નજીક સર્વિસ રોડ પરથી ઝડપી લીધા છે. આ બંને રાજસ્થાનથી ગાંજો લાવીને પડીકીઓ બનાવી રાજકોટ ખાતે કે આસપાસમાં બંધાણીઓને વેંચે એ પહેલા બંને એસઓજીની ટીમના હાથે પકડાઇ ગયા હતાં. શહેરનું યુવાધન નશાના રવાડે ન ચડે તે માટે સે નો ટુ ડ્રગ્સ ઝુંબેશ હેઠળ શહેર એસઓજીની ટીમ આવા પદાર્થના ખરીદ-વેંચાણ અટકાવવા અને



સેવન કરનારા લોકો વિરૂધ્ધ કાર્યવાહી કરવા પેટ્રોલીંગમાં હતી ત્યારે એએસઆઇ ઇન્દ્રસિંહ જાડેજા અને હેડકોન્સ. દિગ્વીજયસિંહ ગોહિલને બાતમી મળતાં કોઠારીયા ચોકડીથી ગોંડલ રોડ ચોકડી તરફ સર્વિસ રોડ પર ખોડીયાર ટેકરીના સામેના ભાગે રોડ પર વોચ રાખી હતી.

બાતમી મુજબ જ એક મહિલા અને એક શખ્સ શંકાસ્પદ થેલા સાથે પસાર થતાં બંનેને સકંજામાં લઇ તલાશી લેતાં તેની પાસેના થેલામાંથી શંકાસ્પદ પદાર્થ મળી આવ્યો હતો. એફએસએલ અધિકારી કે. એમ. તાવીયાને બોલાવી તપાસ કરતાં આ પદાર્થ ગાંજો હોવાનું ફલીત થતાં બંને સામે આજીડેમ પોલીસમાં એનડીપીએસનો ગુનો દાખલ કરાવી ધરપકડ કરી હતી. પુછતાછમાં મહિલાએ પોતાનું નામ કરીન ઉર્ફ ફરીદા કરીમભાઇ શાહમદાર જણાવ્યું હતું. ત્રીસ વર્ષની આ મહિલાએ પોતે કોઠારીયા સોલવન્ટ રસુલપરા-૧૭, સરકારી સ્કૂલ નજીક રહેતી હોવાનું કહ્યું હતું.

તેમજ તેની સાથેના શખ્સે પોતાનું નામ મુસ્તાક હબીબભાઇ નાકાણી જણાવ્યું હતું. ચાલીસ વર્ષના આ શખ્સે પોતે પણ રસુલપરા-૨૭, મસ્જીદે અહેમદની પાછળ રહેતો હવાનું જણાવ્યું હતું. કરીન ઉર્ફ ફરીદાની પ્રાથમિક પુછતાછ કરવામાં આવતાં પોતે રાજસ્થાન તરફથી ગાંજો લાવ્યાનું રટણ કર્યુ હતું. મુસ્તાક તેનો સાગ્રીત હોવાનું કહ્યું હતું. જો કે સાચી વિગતો જાણવા અને રિમાન્ડ મેળવવા પોલીસ આગળ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. એસઓજીના સુત્રોના કહેવા મુજબ કરીન ઉર્ફ ફરીદા કપડા લે-વેંચનો વેપાર કરે છે. પરંતુ આ ધંધાની આડમાં માદક પદાર્થનો વેપલો પણ કરતી હોવાનું ખુલ્યું છે.

અગાઉ શાપર પોલીસ સ્ટેશન દ્વારા પણ આ મહિલાની માદક પદાર્થના ગુનામાં ધરપકડ થઇ હતી. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, જેસીપી મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત ઇન્સ. સંજયસિંહ એમ. જાડેજા, પીએસઆઇ વી. વી. ધ્રાંગુ, એએસઆઇ અરૂણભાઇ બાંભણીયા, વિરેન્દ્રસિંહ ઝાલા, ઇન્દ્રસિંહ જાડેજા, હેડકોન્સ. દિગ્વીજયસિંહ ગોહિલ, કોન્સ. હાદિકસિંહ પરમાર, યોગેન્દ્રસિંહ, નરપતસિંહ, દિવ્યરાજસિંહ, કોન્સ. મોનાબેન સહિતે આ કામગીરી કરી હતી. અગાઉ પણ ગાંજો સહિતના માદક પદાર્થો પકડાયા ત્યારે પગેરૂ રાજસ્થાન અને સુરત તરફ ખુલ્યું હતું. આ વખતે વધુ એક વખત રાજસ્થાનથી ગાંજો લાવવામાં આવ્યાનું સામે આવતાં પોલીસ મુળ સુધી પહોંચવા મહેનત કરશે.

### હમ કો તુમ સે હો ગયા હૈ પ્યાર ક્યા કરે બોલો તો જીએ બોલો તો મર જાએ...

# લગ્ન નહિ થવાના ડરથી પ્રેમીયુગલે વખ ઘોળ્યું

## ચોટીલા પંથકનો યુવાન બાજુના ગામમાં ગરબી જોવા ગયો અને પ્રેમમાં પડ્યોઃ હવે પરણી નહિ શકાય તેવુ જણાતાં બંને નીકળી ગયા અને જંગલ વિસ્તારમાં ઝેર પીધુંઃ સગાને જાણ કરતાં જીવ બચાવી લેવાયા

રાજકોટ, તા. ૧૫

પ્રેમના રસ્તે ચડી જનારા અનેક યુવા-યુવતિઓ, સગીર વયના છોકરા-છોકરીઓ અને ક્યારેક પરણેલાઓ પણ પ્રેમમાં નિષ્ફળતા મળતાં અંતિમ પગલુ ભરવા તરફ દોટ મુકતા હોય છે. તાજેતરમાં રાજકોટમાં એક છુટાછેડા લઇ ચુકેલા યુવાને એક સગીરાને ભગાડી હતી. પછી બંનેએ ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. આ ઘટનાએ ભારે ચકચાર જગાવી હતી. દરમિયાન વધુ એક ઘટના સામે આવી છે જેમાં ચોટીલા પંથકના બે અલગ અલગ ગામમાં રહેતાં યુવાન અને સગીરાએ પ્રેમ કહાની લગ્ન સુધી નહિ પહોંચી શકે તેવું લાગતાં ઘરેથી નીકળી જઇ જંગલ વિસ્તારમાં સજોડે ઝેરના પારખા કરી લીધા હતાં. જો કે પગલુ ભર્યા બાદ યુવાને પરિવારજનને ફોન કરી દેતાં તુરંત બંનેને હોસ્પિટલે ખસેડાયા હતાં. અહિ પરિવારજનોએ કહ્યું હતુ કે-બંનેને પ્રેમ છે એની જાણ કરી હોત તો અમે આ પગલુ ભરવા દીધુ ન હોત.

વિગતો પર નજર કરીએ તો એક યુવાન અને એક સગીરા વચ્ચે પ્રેમ થઇ જતાં બંનેને પરિવારજનો એક નહિ થવા દે તેવો ડર લાગતાં મધરાતે યુવાને સગીરાના ગામમાં કાર સાથે પહોંચી તેને સાથે લઇ નીકળી જઇ બાદમાં બંનેએ ચોટીલાના ખેરાણાથી પાંચવડા તરફના રોડ પર જંગલ વિસ્તારમાં સજોડે ઝેર પી આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં



આવ્યા હતાં. ચોટીલાના ખેરાણા ગામે રહેતાં વીસ વર્ષના યુવાન સાગર લક્ષ્મણભાઇ મેટાડીયા અને નજીકના ગામની સત્તર વર્ષની સગીરાએ સવારે ચારેક વાગ્યે ચોટીલાના ખેરાણાથી પાંચવડા તરફના રસ્તે જંગલ વિસ્તારમાં સજોડે ઝેરી દવા, ઝેરી પાવડર પી લઇ સજોડે મરી જવાનો પ્રયાસ કરતાં ચકચાર મચી ગઇ હતી. ઝેરી દવા ગટગટાવી લઇ આપઘાતનો પ્રયાસ કરતાં બંનેને પ્રથમ ચોટીલા અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના અમૃતભાઇ મકવાણા, યુવરાજસિંહ પરમાર, રવિભાઇ, ધર્મેન્દ્રભાઇ, શક્તિસિંહ સહિતે ચોટીલા પોલીસને જાણ કરી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર યુવાન સાગર ત્રણ બહેન અને બે ભાઇમાં નાનો છે અને છુટક ડ્રાઇવીંગ કરે છે. તેના પિતા ખેત મજૂરી કરે છે. જ્યારે સત્તર વર્ષની સગીરા બે બહેન અને એક ભાઇમાં નાની છે અને તેના પિતા ખેતી કરી છે. સગીરાએ જણાવ્યું હતું કે એક વર્ષ પહેલા સાગર અમારા ગામમાં ગરબી જોવા આવ્યો ત્યારે અમારી વચ્ચે ઓળખાણ થઇ હતી. એ પછી અમે એક બીજાના પ્રેમમાં પડ્યા હતાં. હાલમાં અમારે લગ્ન કરવા હોઇ પરંતુ અમારા પરિવારજનો આ માટે માનશે નહિ તેવું લાગતાં અમે મરી જવાનું નક્કી કર્યુ હતું.

મધરાતે સાગર કાર લઇને અમારા ગામમાં આવ્યો હતો. એ પછી અમે બંને ખેરાણાથી પાંચવડા તરફના રસ્તે જંગલ વિસ્તારમાં ગયા હતાં અને નક્કી કર્યા મુજબ બંનેએ સાથે જ ઝેરી દવા, પાવડર પી લીધા હતાં. હોસ્પિટલના બિછાને ભાનમાં આવેલા યુવાન સાગરે જણાવ્યું હતું કે અમારી વચ્ચે પ્રેમ હતો, જો કે અમે આ બાબતે અમારા પરિવારજનોને કોઇ જાણ કરી નહોતી. પરંતુ અમને એમ થયું હતું કે અમારા લગ્ન થઇ શકશે નહિ. આથી અમે આ પગલુ ભર્યુ હતું. સાગરે જણાવ્યું હતું કે ઝેરી દવા પી લીધા બાદ તેણે કાકા વીભાભાઇને ફોનથી જાણ કરતાં કાકા સહિતના પરિવારજનો પહોંચી ગયા હતાં અને સારવાર માટે ખસેડ્યા હતાં. ચોટીલા પોલીસે આ બંનેના નિવેદન નોંધવા અને મામલતદાર પાસે ડાઇંગ ડિકલેરેશન કરાવવા તજવીજ કરી હતી. પ્રેમના માર્ગે ચડનારા કાં તો સફળતા મેળવતા હોય છે અને કાં તો નિષ્ફળતા મળતાં કે નિષ્ફળતા મળવાના ભયથી ન ભરવાના પગલા ભરતાં હોય છે. આ બનાવ આવા પ્રેમી પંખીડાઓ માટે લાલબત્તી સમાન છે.

### રોજ ઉઠીને નવતર કિમીયા લઇ આવે છે સાયબર ગઠીયાઓ

# લોન મંજુર કરાવી બારોબાર લાખો ઉસેડ્યા!

## યુવાને લોન માટે કોઇ પ્રોસીઝર કરી નહોતી છતાં તેને મેસેજ આવ્યો કે તમારી લાન પાસ થઇ ગઇ છે, નાણા જમા થઇ ગયા છેઃ તે વધુ કંઇ સમજે એ પહેલા નાણા બીજે ટ્રાન્સફર થઇ ગયાઃ પોલીસે શરૂ કરી તપાસ

રાજકોટ, તા. ૧૫

સાયબર ગઠીયાઓ પાસે એક ભુલો ત્યાં બીજો નુસ્ખો ગામને છેતરવા માટેનો તૈયાર જ હોય છે. આ ગઠીયાઓ જુના-નવા નુસ્ખાઓનો ઉપયોગ કરી લોકોને સતત છેતરતા રહે છે. હવે એક તદ્દન નવીન તુક્કો અજમાવાયો છે. જેમાં ખાનગી કંપનીમાં નોકરી કરતાં યુવાનની જાણ બહાર તેના નામની સાત લાખ અડસઠ હજારની લોન મંજુર કરાવી રૂપિયા જમા કરાવી બાદમાં ગઠીયાઓએ તેમાંથી પાંચ લાખ બારોબાર ટ્રાન્સફર કરી લીધા હતાં. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છે. અન્ય એક કિસ્સામાં દંપતિ ચોરી કરતાં ઝડપાયું હતું. આ દંપતિ કોઇપણ લગ્નપ્રસંગમાં વણનોતર્યા મહેમાન બનીને પહોંચી જતું હતુ અને વાહન ચોરી ભાગી જતું હતું. બંનેએ મળીને અલગ અલગ વાહનચોરીનાગુના આચર્યા હોવાનું બંને પકડાઇ જતાં સામે આવ્યું હતુ.

નવતર કિસ્સાની વિગતો જોઇએ તો આ બનાવ ધોળકામાં બન્યો છે. અહિ સાયબર ફ્રોડનો નવો કિમિયો સામે આવ્યો છે. ખાનગી કંપનીમાં નોકરી કરતા યુવકની જાણ બહાર ૭.૬૮ લોન મંજૂર કરાવી આરોપીઓ ગણતરીની મિનિટોમાં પાંચ લાખ ટ્રાન્સફર કરી લઇ છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી. વિશેષ માહિતી અનુસાર ધોળકાના જલાલપુર વજીફા ગામના અને એસ્ટ્રલ પાઇપ્સ કંપનીમાં સિનિયર આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા વિશાલકુમાર ઘનશ્યામભાઈ પટેલના એચડીએફસી બેંકના ખાતામાં તેમની જાણ કે અરજી વગર રૂ.૭,૬૮,૦૦૦ની લોન જમા થયાનો મેસેજ આવ્યો હતો.

પોતે કોઇપણ જાતની લોન માટે પ્રોસીઝર કરી ન હોવા છતાં લોન મંજુર થયાનો અને રકમ પણ જમા થઇ ગયાનો




**એક વિચીત્ર કિસ્સામાં લગ્નપ્રસંગોમાં વણનોતર્યુ મહેમાન બની દંપતિ ચોરી જતું હતું વાહનોઃ પાર્ટસ છુટા કરી વેંચીને રોકડી કરી લેતાંઃ પોલીસે પકડતાં બહાર આવી વિગતો**

મેસેજ આવતાં યુવાન ચોંકી ગયો હતો અને વિચારમાં મુકાઇ ગયો હતો. તે વધુ કોઇ તપાસ કરે એ પહેલા જ થોડી જ મિનિટોમાં, લોનની રકમમાંથી રૂ.૫,૦૦,૦૦૦ની મોટી રકમ કોઈ અજાણ્યા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ટ્રાન્સફર થઈ ગયાનો બીજો મેસેજ મળ્યો હતો.

આમ પોતાના ખાતામાંથી મોટી રકમ ઉપડી જતાં ગભરાયેલા વિશાલકુમારે તાત્કાલિક તેમના ભાઈ અને મિત્રના ખાતામાં બાકીની રકમ ટ્રાન્સફર કરીને સુરક્ષિત કરી હતી. આ ઉપરાંત, તેમણે તાત્કાલિક સાયબર ફ્રોડની હેલ્પલાઈન ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી અને પોતાનું લોનવાળું ખાતું બ્લોક કરાવ્યું હતું. બેંકમાંથી સ્ટેટમેન્ટ મેળવીને તેમણે એનસીઆરપી પોર્ટલ પર પણ અરજી કરી હતી, જેના આધારે ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ઇન્સ્પેક્ટર જે.ડી. ડાંગરવાલા દ્વારા એફઆઇઆર દાખલ કરી ફ્રોડ આચરનારા યુનિયન બેંક ઓફ ઈન્ડિયાના ખાતાધારકને શોધવા ચક્રો ગતિમાન કરાયા છે.

બીજી ઘટના જોઇએ તો અહિ દંપતિ લગ્ન પ્રસંગમાં નોતરા વગર પહોંચી પછી વાહન ચોરતુ હોવાનો પર્દાફાશ થયો છે. સુરત જિલ્લાના પોલીસ ચોપડે આ કિસ્સો નોંધાયો છે. સાયણ નજીકના ભારૂંડી ગામનું આ દંપતી આમંત્રણ ન હોવા છતાં રાત્રીના સમયે લગ્ન પ્રસંગોમાં ઘૂસી જઈને તકનો લાભ ઉઠાવી વાહન ચોરીની ઘટનાને અંજામ આપતું હતું. પાનોલીમાંથી બુલેટની ચોરી થતાં પોલીસે સીસીટીવી ફૂટેજની તપાસ હાથ ધરી હતી. ફૂટેજમાં વાહનચોર સુરત તરફ આવતા દેખાતા પોલીસે સઘન તપાસ શરૂ કરી હતી.

આ તપાસમાં પોલીસને બાતમી મળી કે ચોર સાયણ નજીકના ભારૂંડી ગામે આવેલી સિદ્ધેશ્વરી સોસાયટી ખાતે રહે છે. અંકલેશ્વર અને ઓલપાડ પોલીસની સંયુક્ત ટીમે તપાસ માટે ત્યાં પહોંચી. બાતમીવાળા ઘર આગળથી ચોરી થયેલું બુલેટ મળી આવતાં, પોલીસે પૂછપરછ કરી. આમાં અમન અસ્લમ રહેમાન મુલ્તાનીનું નામ ખુલતાં તેની ધરપકડ કરવામાં આવી હતી. અમન અને તેની પત્નિ આરતી લગ્નનું આમંત્રણ ન હોવા છતાં રાત્રીના લગ્ન પ્રસંગમાં ઘૂસી જઈને તકનો લાભ ઉઠાવતા અને વાહન ચોરીને અંજામ આપતા હોવાનું ખુલ્યું હતું.

ચોરી કરેલા વાહનો ભારૂંડી ખાતેના ઘરે લાવીને તેઓ સાગરીત ગૌતમ પાથરે સાથે મળીને વાહનોના સ્પેરપાર્ટ્સ છૂટકમાં વેચી દેતા હતા. આ ગેંગે અંકલેશ્વર, કોસંબા, પલસાણા તથા સાયણ વિસ્તારમાંથી અનેક વાહનોની ચોરી કરીને સુરત શહેરમાં વેચ્યા હોવાનું પોલીસ તપાસમાં નોંધાયું હોઇ વિશેષ તપાસ થઇ રહી છે.

દરેક મા-બાપ ઈચ્છતા હોય છે કે સંતાન ઘડપણની લાકડી બને પણ અમુક બને ત્રાસરૂપ

# મા-બાપનું મકાન પચાવવા પુત્રનો ખેલ

## ઘરમાંથી દસ્તાવેજ ચોરી ગયો, માથે જતાં ખૂનની ધમકી દીધીઃ નિવૃત એએસઆઇના પત્નિએ સગા દિકરા વિરૂધ્ધ દાખલ કરાવી FIR

રાજકોટ, તા. ૧૫

માવતર પોતાની ગમે તેવી આર્થિક સ્થિતિ હોય છતાં સંતાનાનો ઉછેરમાં કદી ખોટ આવવા દેતાં નથી. ગમે તેમ કરીને તેને ભણાવતા ગણાવતા હોય છે અને સંતાનો પગભર ન થઈ જાય ત્યાં સુધી અને ત્યારપછી પણ તેનો ખયાલ રાખતા હોય છે. દરેક માવતરને એવી આશા હોય છે કે પોતે ઘરડા થાય પછી સંતાન તેની ઘડપણની લાકડી બનીને ઉભા રહે. પરંતુ અમુક સંતાનો એવા હોય છે જે ઘરડા મા-બાપને સાચવવાને બદલે તેના માલ-મિલ્કત-મરણમુડીને પચાવી પાડવા કાવાદાવા કરતાં હોય છે. ઘણા તો હત્યા સુધી પહોંચી જતાં હોય છે. દરમિયાન એક કિસ્સામાં નિવૃત એએસઆઇનું મકાન પચાવી પાડવા સગા દિકરાએ ખેલ માંડતાં આ દિકરા વિરૂધ્ધ સગી જનેતાએ પોલીસ ફરિયાદ કરી છે. દિકરાએ મકાનનો દસ્તાવેજ તો ચોરી જ લીધો હતો, માથે જતાં મા-બાપને મારી નાખવાની ધમકી દીધી હતી.

વિગતો પર નજર કરીએ તો ભાવનગર શહેરના સિદસર-ચિત્રા રોડ મીરાનગર ખાતે રહેતા અને ગુજરાત પોલીસમાંથી નિવૃત્ત થયેલા એએસઆઈના પત્નીએ પોતાના જ દીકરા વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. પિતાએ આજીવન કમાણીથી બનાવેલ ઘર પુત્રએ પોતાના નામે કરાવવા મકાનનો કબજો લઈ, મકાન ખાલી કરાવવા માતા-પિતાને માર મારી, દસ્તાવેજ ચોરી કરી હોવાનો અને જાનથી મારી નાખવા ની ધમકી સહિતની ફરિયાદ માતાએ પુત્ર વિરુદ્ધ વરતેજ પોલીસ મથકે નોંધાવી હતી. આ બનાવ અંગે વરતેજ પોલીસ મથકેથી જાણવા મળતી વિગતો અનુસાર ફરિયાદી ઓગણસિત્તેર વર્ષના ગંગાબેન દેવજીભાઈ સોલંકી ઉ.વ.૬૯ જે ઉમરાળા ગામે તેમના પતિ દેવજીભાઈ સોલંકી સાથે રહે છે અને મુળ ભાવનગરના વતની છે.




તેમના પતિ દેવજીભાઇ ગુજરાત પોલીસમાં એએસઆઇ તરીકે ફરજ બજાવતા હતા અને પંદરેક વર્ષ પહેલા નિવૃત્ત થયા હતા. નિવૃત્તિ બાદ તેમણે તેમની આજીવનની કમાણીમાંથી સિદસર-ચિત્રા રોડ પર મીરાનગરમાં પ્લોટ નં. ૬૯-બી પર આશરે ૨૩૨ ચોરસ વારનો પ્લોટ ખરીદી મકાન બનાવ્યું હતું, જેનો દસ્તાવેજ પતિ દેવજીભાઈના નામે છે. બંને આ મકાનમાં નિવૃત્ત જીવન પસાર કરતા હતાં. બે વર્ષથી પતિ દેવજીભાઈને પેરાલિસિસની બીમારી છે. આ સમય દરમિયાન, તેમનો દીકરો ધીરજ દેવજીભાઈ સોલંકી જે પચાસ વર્ષનો છે અને પોતાની પત્નિઅને બાળકો સાથે અલગ ભાડે રહે છે, તે અવારનવાર ઘરે આવી માતા-પિતાને મકાન ખાલી કરવા અને દસ્તાવેજ પોતાના નામે કરી આપવા માટે ગાળો આપી ઢીકા-પાટુનો માર મારતો હતો.

આ પ્રકારે દીકરાના ત્રાસથી કંટાળી ગંગાબેન અને તેમના પતિ, મકાનનો અસલ દસ્તાવેજ પતરાના કબાટના લોકરમાં સંતાડી, મકાનને તાળું મારી છેલ્લા છ મહિનાથી તેમની દીકરી નિર્મળાબેનના ઘરે ઉમરાળા રહેવા ચાલ્યા ગયાં હતા. આ પછી ગંગાબેન પોતાની દીકરી પારૂલબેન જે રાજકોટ મીરાનગર સ્થિત પોતાના ઘરે ચીજ-વસ્તુ લેવા માટે ગયા હતા. ત્યારે તેમણે જોયું કે દીકરા ધીરજે તેમના મકાનનું મેઇન ગેઇટનું તાળું તોડી નાખ્યું હતું અને તે પોતે મકાનમાં રહેતો હતો. ઘરમાં જઈ કબાટનું લોકર તપાસતા તેનો લોક પણ તૂટેલો હતો અને લોકરમાં સંતાડેલો આશરે વીસ લાખની કિંમતના મકાનનો અસલ દસ્તાવેજ ગુમ થઈ ગયો હતો.

આ અંગે ગંગાબેને દીકરા ધીરજને દસ્તાવેજ બાબતે પૂછતાં તેણે કહ્યું કે, આ દસ્તાવેજ મેં લીધેલ છે અને આ મકાન મારા નામે કરવાનું છે. તું ડોશી અહીંથી જતી રહે, નહીંતર તને જીવતી નહીં રહેવા દઉં. તેમ કહી ગાળો આપી, ઢીકા-પાટુનો માર મારી માતા અને બહેનને ઘરમાંથી કાઢી મૂક્યા હતા. દીકરો હોવાથી ગંગાબેને ઘરમેળે સમાધાન થાય અને દસ્તાવેજ પરત મળી જાય તે આશાએ તે સમયે પોલીસ ફરિયાદ કરી ન હતી. પરંતુ આજદિન સુધી દસ્તાવેજ પરત ન મળતા આખરે તેમને પોલીસનો સહારો લેવો પડ્યો હતો.

ગંગાબેનના પતિએ ઉમેર્યું કે ધીરજ અગાઉ પણ બે-ત્રણ વાર તેમને બળજબરીથી દસ્તાવેજ પોતાના નામે કરી લેવા માટે મામલતદાર ઓફિસમાં લઈ ગયો હતો. આખરે ગંગાબેન તેમની દીકરીઓ પારૂલબેન અને નીતાબેન સાથે વરતેજ પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવવા આવ્યા હતા. ગંગાબેનની ફરિયાદના આધારે, તેમના દીકરા ધીરજ દેવજીભાઈ સોલંકી વિરૂધ્ધ વરતેજ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે. આ કિસ્સાએ ભારે ચકચાર જગાવી છે. મિલ્કત, પૈસા માટે સંતાનો કઇ હદ સુધી જતાં હોય છે તેની આ ઘટના પ્રતીતિ કરાવે છે.

જે પોલીસ સ્ટેશન પણ માથે લઇ લે તે બહાર બીજા ઉપર કેવો ત્રાસ વર્તાવતા હશે?!

# કાકાનો પગ ભાંગનારની હવા કાઢતી પોલીસ

## રૂખડીયાપરાના સાદાન ઉપર એક નહિ ત્રણ-ત્રણ ગુનાઃ કાકા પર હુમલો, પોલીસ ફરજમાં રૂકાવટ અને દારૂ પીવા મામલે એફઆઈઆરઃ તેની સાથે તેના માતા, પિતા, બહેન પણ બે ગુનામાં સામેલઃ ઠપકો આપનારા કાકાને બેફામ માર માર્યોઃ પોલીસ સ્ટેશનમાં પોલીસમેન, પીએસઆઈની ફરજમાં રૂકાવટ કરી મરી જવાના શ્રાપ દીધાની ઘટનાએ શહેરભરમાં જગાવી ચર્ચા

રાજકોટ, તા. ૧૫

અમુક લોકો એવા હોય છે જેને પોલીસનો જરાય ડર હોતો નથી. તેઓ નશો કરીને પણ પોલીસ સ્ટેશનમાં બીન્દાસ્ત ઘુસી જતાં હોય છે. આવી જ એક ઘટના શહેરના પ્રદ્યુમનનગર પોલીસમાં બની હતી. જેમાં શહેરના રૂખડીયાપરામાં રહેતાં ફ્રુટના વેપારી કાકા ઉપર નશાની હાલતમાં ભત્રીજાએ પોતાના પિતા, માતા, બહેન સાથે મળી ધોકાવાળી કરી પગ ભાંગી નાંખ્યો હતો. પછી આ નશાખોરે પોલીસ સ્ટેશનમાં પણ જબરા ખેલ કરી પોલીસને મરી જવાના શ્રાપ-બદદૂઆ દીધા હતાં! ખેલ કરનારા સામે કુલ ત્રણ ગુના અને તેને સાથ આપનારા માતા-પિતા-બહેન સામે બે ગુના નોંધી પોલીસે તમામને કાયદાનું ભાન કરાવી ખેલ ખતમ કરી નાંખ્યો હતો.

વિગતો પર નજર કરીએ તો રૂખડીયાપરામાં હાજીપીરની દરગાહ પાસે રહેતાં ફ્રુટના ધંધાથી બેતાલીસ વર્ષના સલીમભાઇ દાઉદભાઇ ડોસાણી ઉપર તેમના પાડોશમાં જ રહેતાં તેના સગા ભત્રીજા સાદાન સમીરભાઇ ડોસાણી, મોટા ભાઇ સમીરભાઇ દાઉદભાઇ ડોસાણી, ભાભી શાયદાબેન સમીરભાઇ ડોસાણી અને રૂકશત મુનાફભાઇ બાનાણીએ ધોકાથી હુમલો કરતાં સલીમભાઇએ પોલીસ બોલાવતાં તેને અને હુમલો કરનારા ચારેયને પોલીસ સ્ટેશને લઇ જવાયા હતાં. પોલીસ કર્મચારી સલિમભાઇનું નિવેદન નોંધ્યા બાદ તેના ભત્રીજા સાદાનની પુછતાછ કરતાં હતાં ત્યારે સાદાન સહિતના ચારેયએ ખેલ માંડ્યો હતો.

આ વખતે સાદાન અને સમીરભાઇવધુ ગાળો બોલવા માંડ્યા હતાં. અરજી બાબતે સમીરભાઇના ભત્રીજા સાદાનની પુછતાછ કરતાં તે જોર જોરથી બોલવા માંડ્યો હતો અને કહેવા માંડ્યો હતો કે-હું તો જેલમાં જઇ આવ્યો છું, મને કોઇ પોલીસની બીક નથી. આમ કહી તે ભીંતમાં માથા ભટકાવવા માંડ્યો હતો અને તમે પોલીસ મને મારો છો એવું હું કોર્ટમાં કહીશ, તમે પ્ર.નગરના પોલીસ હરામી છો, તેમ કહી પોતાની રીતે માથા ભટકાડી બાદમાં કહેલુ કે-હું હવે પોલીસે મને માર્યો તેવું કહીશ. આ પછી તે એકદમ ઉશ્કેરાઇગયો હતો અને મારા પર તથા પીએસઆઇ કે. કે. ચાવડા પર હુમલો કરવા માંડ્યો હતો. જેથી અમારે દરવાજો બંધ કરવો પડ્યો હતો.



બાદમાં સાદાને જોર જોરથી બૂમો પાડી હતી, આ કારણે બહારથી તેના પિતા સમીરભાઇ, માતા શાયદાબેન તેમજ રૂકશત એમ ત્રણેય અંદર આવી ફોનમાં વિડીયો ઉતારવા માંડ્યા હતાં અને અમને ધમકી આપી હતી કે-તમારો વિડીયો પોલીસ કમિશનરને સવારે બતાવી તમારા પટ્ટા ઉતરાવી દેવા છે, નોકરી કઢાવવી છે. તું જો સવારે કમિશનર પાસે જવું છે. તમને મારી ગરીબની હાય છે, અલ્લાહ કરે તું અત્યારે ને અત્યારે મરી જાય, તને અત્યારે જ હાર્ટએટેક આવી જાય! તારી નોકરી જતી રહે તેવી મારી બદદુઆ છે. આ રીતે સાદાન સહિત ચારેયએ ઝપાઝપી કરી ફરજમાં રૂકાવટ કરી ઉધ્ધતાઇ ભર્યુ વર્તન કર્યુ હતું તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ અંગે ચારેય સામે અલગથી ગુનો નોંધી ધરપકડ કરાઇ હતી. જેમાં સાદાન ડોસાણી દારૂ પીધેલો હોઇ તેનો અલગથી કેસ કરાયો હતો.

બીજી તરફ સલિમભાઇનો હુમલામાં પગ ભાંગી ગયો હોઇ તેની ફરિયાદ પરથી સાદાન સહિત ચાર સામે અલગથી કેસ દાખલ કરાયો હતો. સલિમભાઇ ડોસાણી પરિવાર સાથે રહે છે અને ફ્રુટનો વેપાર કરી ગુજરાન ચલાવે છે. તેને સંતાનમાં બે દિકરા સાહિલ અને શબ્બીર છે. તેમના મોટાભાઇ સમીરભાઇ ડોસાણી તેમની બાજુમાં જ રહે છે. તેણે ફરિયાદમાં જણાવ્યું છે કે શનિવારે રાતે સાડા નવેક વાગ્યે હું મારી ફ્રુટની લારી બંધ કરીને ઘરે આવ્યો ત્યારે મારા પત્નિ સલમાબેને કહેલું કે- ભત્રીજો સાદાન નશો કરી નાગીરક બેંકે સાહીલની રેંકડીએ ગયો હતો અને સાહિલ સાથે મારામારી કરી હતી. જેથી હું જમી લીધા બાદ બાજુમાં રહેતાં મોટા ભાઇ સમીરભાઇના ઘરે ભત્રીજા સાદાનને સમજાવવા ગયો હતો. જો કે આ બંને સુઇ ગયા હતાં. મેં તેમને જગાડ્યા હતાં અને મોટા ભાઇની હાજરીમાં જ ભત્રીજા સાદાનને પુછ્યું હતુ કે-તું શા માટે નશો કરીને મારા દિકરા સાહિલની રેંકડીએ જઇ ઝઘડો કરે છે? હવે પછી આવું ન કરતો. આ સાંભળી સાદાન અને મારા ભાઇ સમીરભાઇ ઉશ્કેરાઇ ગયા હતાં અને જન્મથી જ મારા ડાબા પગમાં પોલીયો છે તે જાણવા છતાં ઘરમાં પડેલો ધોકો ઉપાડી સાદાને મને બે ત્રણ ઘા મારી દીધા હતાં. તેમજ કમરમાં પણ બે ત્રણ ફટકા મારી દેતાં હું પડી ગયો હતો.

આ પછી મારા ભાઇ અને ભત્રીજાએ ધમકી આપી હતી કે-અહિથી જતો રહે નહિતર તારા આખા પરિવારને મારી નાંખશું. આ પછી ફરીથી સાદાન મને આડેધડ ધોકાથી માર મારવા માંડ્યો હતો. દેકારો થતાં મારા પત્નિ, બંને પુત્રો આવી ગયા હતાં. આ વખતે સાદાને મારા પત્નિ અને પુત્ર શબ્બીરને પણ ધક્કો દઇ પછાડી દીધા હતાં. જેમાં શબ્બીરને ડાબા હાથની કોણી, ટચલી આંગળીમાં ઈજા થઇ હતી. આ વખતે મારા ભાભી શયદાબેન અને તેની દિકરી રૂકશતે પણ આવીને મારા પત્નિને ભુંડી ગાળો દીધી હતી. રૂકશતે કહેલું કે-મારા ભાઇને કંઇ કહેશો તો બધાના ટાંટીયા ભાંગી નાખીશ અને જાનથી મારી નાંખીશ.

આ પછી મેં ૧૧૨માં ફોન કરતાં પોલીસ આવી ગઇ હતી. મને ઈજા થઇ હોઇ સિવિલ હોસ્પિટલમાં જતાં ત્યાં એક્સરે થતાં જમણા પગના પોંચામાં ફ્રેક્ચર થયાનું ડોક્ટરે નિદાન કર્યુ હતું. પોલીસે સલિમભાઇની ફરિયાદ પરથી એક ગુનો, બીજો ગુનો ફરજમાં રૂકાવટનો સાદાન સહિત ચારેય સામે દાખલ કર્યો હતો. તેમજ સાદાન ડોસાણી દારૂ પીધેલો હોઇ તેના વિરૂધ્ધ અલગથી પીધેલાનો ગુનો દાખલ થતાં તે ત્રણ ગુનાનો આરોપી બન્યો હતો. અહિ સવાલ એ છે કે નશાખોરો પોલીસ સ્ટેશન પણ માથે લઇ લેતાં હોય તો તે બહાર શું નહિ કરતાં હોય?! જો કે અહિ બાદમાં પોલીસે આકરી કાર્યવાહી કરી ખેલ કરનારાઓનો ખેલ પાડી દીધો હતો. તેની એવી પુછતાછ થઇ હતી કે બધી હવા ફુસ્સ થઇ ગઇ હતી.

ઓફલાઈન, ઓનલાઈન ફ્રોડની ઘટનાઓ બન્યા વગર એક પણ દિવસ જતો નથી

# વીઝા-ટાસ્કના નામે બે યુવાને ગુમાવ્યા પંદર લાખ

## યુકેના વીઝા લેવા ઈચ્છુક યુવાનને વચેટીયો છેતરી ગયોઃ પાર્ટ ટાઈમ નોકરીનો મેસેજ વાંચી કમાવવા જતાં યુવાન બન્યો ફ્રોડનો શિકાર

રાજકોટ, તા. ૧૫

વિદેશના વર્ક પરમીટ વિઝાના નામે વધુ એક યુવાન લાખો ગુમાવ્યા છે. યુવાને યુકેના વીઝા માટે બાર લાખ ભર્યા હતાં. પરંતુ વચેટીયો દસ લાખ એક્યાસી હજાર ખાઇ ગયો હતો. બીજી ઘટનામાં ઓનલાઇન ફ્રોડ થયું હતું. જેમાં ટાસ્ક પુરા કરી કમાણી કરવાના નામે બે લાખની ઠગાઇ થઇ ગઇ હતી.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો અમદાવાદના યુવકે યુએસ વર્ક પરમિટ માટે ઓનલાઇન કન્સલ્ટન્સીનો સંપર્ક કર્યો હતો. જે બાદ ઈન્ટરવ્યૂ પણ આપ્યું અને ઓફર લેટર પણ મળ્યો હતો. યુએસમાં વર્ક પરમીટ માટે યુવકે ટુકડે ટુકડે ૧૨ લાખ રૂપિયા આપ્યા હતા. પરંતુ વર્ક પરમિટના કન્સલ્ટન્સી દ્વારા રિફંડની રકમ મધ્યસ્થી કરનારના ખાતામાં ટ્રાન્સફર કરવામાં આવી હતી. મધ્યસ્થી કરનારે યુવકને રિફંડની રકમ પરત આપી નહોતી જેથી યુવકે એલિસબ્રીજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આંબાવાડીમાં રહેતા હસમુખ મુછડીયા ખાનગી હોટલમાં સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે. હસમુખભાઈને યુએસમાં કામ કરવા જવાનું હોવાથી તપાસ કરી રહ્યા હતા. ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી યુએસની એક્સેસ કન્સલ્ટન્ટ કંપનીનો સંપર્ક થયો હતો.




કંપનીમાં વાતચીત કરતા કંપની દ્વારા યુએસએની કંપનીમાં કામ કરવા માટેનું ઈન્ટરવ્યૂ ગોઠવામાં આવ્યું હતું. ત્યાર બાદ ઓફર લેટર પણ આપવામાં આવ્યો હતો અને ઓફર લેટર સહી કરીને હસમુખભાઈએ પરત મોકલ્યો હતો.ઓફર લેટર પરત આપ્યા બાદ હસમુખભાઈ પાસેથી કન્સલ્ટન્સી દ્વારા નક્કી કરેલી ફી લેવામાં આવી હતી.હસમુખભાઈએ અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ ૧૨,૦૦,૦૦૦ આપ્યા હતા.જે રૂપિયા ડોલરમાં એક્સચેન્જ કરીને યુએસએની કંપનીમાં ટ્રાન્સફર કર્યા હતા. કામ આપ્યા બાદ ઘણા લાંબા સમય સુધી વર્ક પરમિટ આવી નહોતી. જેથી હસમુખભાઈએ -ોસેસ બંધ કરવા માટે કન્સલ્ટન્સીને જાણ કરી હતી.ત્યારે કેટલોક ચાર્જ કાપીને કન્સલ્ટન્સી દ્વારા ૧૦.૮૧ લાખ રૂપિયા રિફંડ આપવામાં આવ્યા હતા.

કન્સલ્ટન્સી દ્વારા મધ્યસ્થી કરનાર આર્યન નામના વ્યક્તિના બેંક ખાતામાં રિફંડની રકમ ટ્રાન્સફર કરવામાં આવી હતી. આ અંગે હસમુખભાઈને જાણ કરવામાં આવી હતી. હસમુખભાઈએ જ્યારે આર્યન પાસે પૈસા માગ્યા ત્યારે આર્યને પૈસા આપવા માટે અલગ-અલગ બહાના બતાવ્યા હતા. લાંબા સમય સુધી પૈસા પરત આપ્યા ન હતા. જેથી હસમુખભાઈએ આર્યન વિરુદ્ધમાં પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવતાં તપાસ શરૂ થઇ છે.

બીજી તરફ ઓનલાઈન ફ્રોડ થયું હતું. અમદાવાદમાં યુવક સોશિયલ મીડિયાના માધ્યમથી પાર્ટ ટાઈમ નોકરી માટે ગ્રુપમાં એડ થયો હતો. શરૂઆતમાં ટાસ્ક આપવામાં આવતા હતા. જે ટાસ્ક પૂરા થતા યુવકના ખાતામાં પૈસા જમા થતા હતા. શરૂઆતના ટાસ્ક માં યુવકને નાની રકમ મળતા વધુ વિશ્વાસ આવતા યુવકે બે લાખ દસ હજાર માટે ભર્યા હતા. પરંતુ પૈસા ભર્યા બાદ યુવકને ટાસ્ક પૂરા કરવાના કોઈપણ પૈસા પરત મળ્યા ન હતા કે યુવકે ભરેલા બે લાખ દસ રૂપિયા પણ પરત મળ્યા ન હતા.આ અંગે યુવકે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. કાલુપુરમાં રહેતો રવિ ખલાસ નામનો યુવક ખાનગી કંપનીમાં નોકરી કરે છે. રવિને અજાણ્યા નંબર પરથી વોટ્સએપમાં પાર્ટ ટાઈમ નોકરીનો મેસેજ આવ્યો હતો .રવિએ રસ દાખવતા રવિને ટેલિગ્રામ ગ્રુપમાં એડ કરવામાં આવ્યો હતો.

આ ગ્રુપમાં એડ થયા બાદ ટાસ્ક આપવામાં આવતા હતા. જે ટાસ્ક પૂરા થતા એક ટાસ્કના ૧૫૦ રૂપિયા લેખે રવિને શરૂઆતમાં ૪૫૦ રૂપિયા મળ્યા હતા. શરૂઆતના ટાસ્ક પૂરા થયા બાદ બીજા ગ્રુપમાં રવીને એડ કરવામાં આવ્યો હતો.જેમાં ૫૦૦૦ ના ઈન્વેસ્ટમેન્ટ પર ૧૨૦૦ કમિશન મળતું હતું. રવિને બીજા દિવસે કમિશન પણ મળ્યું હતું. રવીને વિશ્વાસ આવતા બીજા ટાસ્ક માટે ૧૫૦૦૦ રૂપિયાનું રોકાણ કર્યું હતું પરંતુ તેના બદલામાં કોઈ રકમ મળી ન હતી. રવિએ ત્રણ ટાસ્કના ૪૫૦૦૦ અને અન્ય ટાસ્ક માટે ૧ લાખ રૂપિયા ભર્યા હતા.

પરંતુ આ રકમ ભર્યા બાદ પણ રવિને કોઈ પૈસા પરત મળ્યા નહોતા. રવિએ પૈસા બાબતે પૂછ્યું ત્યારે તેને જણાવ્યું હતું કે છેલ્લા ટાસ્ક માં એરર છે જેથી તમારે વધુ એક ટાસ્ક પૂરો કરવો પડશે. રવિએ બીજા ૫૦ હજાર રૂપિયા યુપીઆઈ મારફતે ટ્રાન્સફર કર્યા હતા અને ટ્રાન્સફર પૂરો કર્યો હતો છતાં રવિને કોઈ પૈસા મળ્યા ન હતા. આમ રવિએ કુલ ૨.૧૦ લાખ રૂપિયા ટ્રાન્સફર કર્યા પરંતુ તેને કોઈ રકમ પરત ન મળી જેથી રવિએ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નાધાવતાં તપાસ શરૂ કરવામાં આવી હતી.

# ૧૧૦૦ કરોડનો ખર્ચ છતાં'ય સફાઈ દેખાય તો કહેજો!

## રાજકોટને ગંદકીમુક્ત અને કચરામુક્ત કરવા માટે અધિકારીઓ પર દબાણ : ટેન્ડર મંજૂર છતાં પરિસ્થિતિમાં કોઈ સુધારો નહીં

રાજકોટ, તા. ૧૫.
રાજકોટને ગંદકીમુક્ત અને કચરામુક્ત કરવા માટે અધિકારીઓ પર દબાણ લાવીને વાર્ષિક રૂ.૧૧૦૦ કરોડના સફાઈ કોન્ટ્રાકટનું ટેન્ડર સ્ટેન્ડિંગ કમિટીમાં મંજૂર કરાવાયા બાદ પણ રાજકોટમાં પરિસ્થિતિ સુધરી નથી. જે કામ અગાઉ વર્ષે ૩૦ કરોડના ખર્ચે થતા હતા એ કામના જ વાર્ષિક ૧૨૦ કરોડ કરવામા આવ્યા હોવાછતાં પણ સફાઈનો આ આખો પ્રોજેક્ટ જ 'કચરા'માં હોય તેમ પરિસ્થિતિ ઠેરની ઠેર છે.

અધિકારીઓના વિરોધ વચ્ચે તેમના પર સીધી કે આડકતરી રીતે દબાણ લાવી અધિકારીઓ અને પદાધિકારીઓએ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરી માટે રૂ. ૧૧૦૦ કરોડનો કોન્ટ્રાક્ટ ખાનગી એજન્સીઓને અપાયો હતો. ટેન્ડરની શરતો મુજબ દરેક વોર્ડમાં ચાર સુપરવાઈઝર નીમવાના હતા. શહેરને સ્વચ્છ બનાવવાની સાથે આ નિમણુંક પણ મહાનગરપાલિકા કરી શકી નથી. શહેરની સફાઈ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના ઈન્ચાર્જ અધિકારીના ભરોસે હોય 'આપણે શું?'ની જેમ શહેરને ગંદકીથી ખદબદ રાખવાની ખોરી નીતિ ધરાવતા અધિકારીઓ અને ઉચ્ચ અધિકારીઓના પાપે શહેર કાયમ ગંદકીના ગંજ નીચે દબાઈ રહ્યું છે.

ટીઆરપી અગ્નિકાંડ પછી રાજકોટનો વિકાસ દસ વર્ષ પાછળ ધકેલાઈ ગયો છે. એ વાતનો સ્વિકાર ઉચ્ચ અધિકારીઓ પણ કરી રહ્યા છે. શહેરમાં સફાઈના નામે મલાઈ ખાનારા અધિકારીઓએ આવી પરિસ્થિતિમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન માટે ૨૦૨૪માં એજન્સીઓ સાથે સાંઠગાંઠ કરીને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન સહિતની કામગીરી માટે પ્રોજેક્ટ તૈયાર કરાવ્યો હતો. જે તે સમયે આ સફાઈ પ્રોજેક્ટ અંદાજે રૂ.૮૫૦ કરોડનો હતો. પણ, એજન્સીઓને ખટાવવા અને મલાઈ તારવવાના ઉચ્ચ અધિકારીઓ અને પદાધિકારીઓનો ઈરાદો હોય પ્રોજેકટ કોસ્ટ વધારવાની અધિકારીઓને સુચના આપી રૂપિયા ૧૧૦૦ કરોડ કરવામાં આવી હતી. આ સામે કેટલાંક અધિકારીઓએ ખુલ્લો વિરોધ પણ નોંધાવ્યો હતો.પણ, તેઓને યેનકેન પ્રકારે તેમની બોલતી બંધ કરાવી આ પ્રોજેક્ટ સ્ટેન્ડિંગ કમિટી માં મંજુર કરાવી દેવાયો હતો.

અગાઉ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન સહિતની સફાઈ અને સ્વચ્છતા માટે વાર્ષિક ૩૦ કરોડનો ખર્ચ થતો હતો. જે આ ''મલાઈ પ્રોજેક્ટ'' ના નામે વાર્ષિક રૂપિયા ૧૨૦ કરોડ કરી પ્રજાજનોને સફાઈના નામે આંબા આંબલી બતાવાયા છતાં ગંદકી ઠેરની ઠેર છે. પ્રજાને ફાયદો મળવાને બદલે અધિકારીઓ ખિસ્સા ભરી જતાં રહ્યા ! અનેક વિરોધ પછી પણ દબાણ લાવીને ટેન્ડર મંજૂર કરાવ્યા પછી કામગીરી શુન્ય આજે પણ શુન્ય છે ન્યુસન્સ પોઈન્ટ ઓછા થવાનાં બદલે વધ્યાં છે. દરેક વોર્ડમાં ચાર સુપરવાઈઝર મુકવાની જાહેરાતો પર પણ પાણીઢોળ થઈ ગયું છે .

પ્રોજેકટ કોસ્ટ રૂ.૮૫૦ વધારીને રૂ.૧૧૦૦ કરોડ કરાયાં પછી પણ ૧૦ વર્ષના કોન્ટ્રાક્ટમાં દરવર્ષે પાંચ ટકાનો વધારો એજન્સીઓને લટકાં માં મળ્યા છે. આ કોન્ટ્રાકટમા ટેન્ડરની શરતો મુજબ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન અને સફાઈ બરોબર થાય છે કે કેમ? તેનુ સુપરવિઝન કરવા વોર્ડ દીઠ ચાર સુપરવાઈઝરની નિમણુંક કરવાની હતી. પણ આ શરતોનુ પાલન કરવામાં આવ્યું નથી. આવી જ રીતે, વાહનની ખરીદી પછી કરવાની થતી કામગીરી પણ યોગ્યરીતે કરવામાં આવી ન હોય શહેરમાં ઠેરઠેર કચરાના ગંજ ખડકાયેલા છે. ન્યુસન્સ પોઈન્ટ ઘટવાને બદલે વધ્યા છે. રૂપિયા ૧૧૦૦ કરોડના આ તોતિંગ પ્રોજેક્ટ અને તેમાં દર વર્ષે પાંચ ટકાના વધારાના કારણે રાજકોટની પ્રજા પર વાર્ષિક ૯૦ થી ૧૦૦ કરોડનો કમ્મરતોડ બોજ આવ્યો હોવાછતાં પણ કામગીરી શુન્ય છે.



અગાઉ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન પાછળ રૂ. ૩૦ કરોડનો ખર્ચ થતો હતો તે વધીને હવે રૂ. ૧૨૦ કરોડ થઈ ગયો છે. આ ટેન્ડર દસ વર્ષ માટેનું છે . અને દરવર્ષે આ રકમ પાંચ ટકા વધતી જશે. આમછતાં ગંદકી અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની કામગીરીમાં શુ ફેર પડ્યો અને પ્રજાને શું ફાયદો થયો ? એનો હિસાબ કે ગણતરી જો કરવામાં આવે તો પરિણામ શૂન્ય દેખાઇ રહ્યું છે.

રાજકોટના મ્યુનિસિપલ કમિશનરપદે જ્યારે વિજય નહેરા હતા એ સમયે એટલે કે ૨૦૧૨માં તેઓએ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન શરૂ કરાવ્યું હતું. એ સમયે વોર્ડ ઓછા હતા. અને સફાઈની જાળવણી માટે નિયત સ્પોટ પર કચરા પેટી રાખવામાં આવતી હતી. પણ તેમાંથી નિયમિતરીતે કચરો ઉપાડાતો ન હોય પરિસ્થિતિમાં કોઈ ફેર પડયો નહોતો. ૨૦૧૨માં નહેરાએ ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન શરૂ કરાવ્યા બાદ જેમ જેમ વોર્ડ વિસ્તારો વધતા ગયા તેમ તેમ ટીપરવાનનની સંખ્યા અને કામગીરી વધતી ગઇ હતી. આજે ૧૧૦૦ કરોડના કોન્ટ્રાકટ અને ૩૫૦થી વધુ ટીપરવાન અને સફાઈ કામદારોની તોતિંગ ટીમ હોવાછતાં પણ રાજકોટમાં ગંદકીની સમસ્યા ઠેરની ઠેર છે.

અગાઉ ડો. પ્રદિપ ડવ જ્યારે મેયર હતા ત્યારે અને આ પછી જ્યારે આનંદ પટેલ કમિશનર હતા ત્યારે ન્યુસન્સ પોઈન્ટ દુર કરવા માટે નોંધપાત્ર અભિયાન શરૂ થયુ હતું અને તેની અસર પણ દેખાતી હતી પણ, હવે જેના પર સફાઇની જવાબદારી છે તેવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ જ ઈન્ચાર્જના ભરોસે હોય શહેરની સફાઇ માટે કોઈ મહેનત કરનારા અધિકારી નથી. એ પણ એક નરી વાસ્તવિકતા છે. આ પ્રોજેક્ટ અમલમાં આવ્યો ત્યારે એવી જાહેરાત કરવામાં આવી હતી કે, એજન્સી દ્વારા ૫૭૩ ટીપરવાન દ્વારા સફાઇ થશે આમાં એજન્સીએ ૨૨૩ નવા ટીપરવાન લેવાની શરતોનું પાલન થયું છે કે નહીં એ વિશે અધિકારીઓએ ક્યારેય તપાસ કરી નથી.

અને એજન્સીના ૧૫૦૦ થી વધુ કર્મચારીઓ કામ કરશે. ત્રણ ઝોન મુજબ એક એક ઝોનમાં ત્રણ ત્રણ વોર્ડના ક્લસ્ટર બનાવવામાં આવશે . આ મુજબ ૧૮ વોર્ડમાં એજન્સી ના ચાર અને મહાનગરપાલિકાના એક સેનેટરી ઈન્સ્પેક્ટર, ત્રણ એ એસ આઈ, મળી આઠ અધિકારીઓ કામ કરશે તેવી જાહેરાત કરવામાં આવી હતી પણ આ જાહેરાત અને શરતો મુજબ કામ થાય છે કે નહીં તેનો જવાબ અધિકારીઓ પાસે પણ નથી. જે તે સમયે શહેરમાં ફેલાયેલા ૧૨૫ જેટલા ન્યુસન્સ પોઈન્ટ વૈજ્ઞાનિક ઢબે નાબૂદ થશે તેવી જાહેરાત પણ થઈ હતી. વાસ્તવમાં ટેન્ડર માં આવી કોઈ શરતો નહોતી પરિણામે આજે ન્યુસન્સ પોઈન્ટ પાર વીના ના છે. અને જાહેરમાં પડેલા ગંદકી, ઉકરડાના ઢગલાની ગણતરી ન થાય એટલા છે.

# PMની મુલાકાત ટાણે રાજકોટને કરાશે ચોખ્ખું ચણાક

## કમિશનર તુષાર સુમેરાએ ત્રણેય ઝોનમાં ડેપ્યુટી કમિશનરથી માંડી વોર્ડ ઓફિસરની ટીમ બનાવી




રાજકોટ, તા. ૧૫
આગામી જાન્યુઆરી માસમાં રાજકોટ ખાતે યોજાનાર રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાજકોટ આવી રહ્યા છે ત્યારે રેસકોર્સ મેદાન, અટલ સરોવર, , પ્રધુમન પાર્ક, ગાંધી મ્યુઝિયમ સહિત તમામ સ્થળો તમામ સર્કલોને રંગરોગાન કરીને બ્યુટિફિકેશન કરવા, શહેરના તમામ નાના મોટા માર્ગોને ડામરથી મઢવાની સાથોસાથો સફાઇ સ્વચ્છતા, તમામ ઓવર બ્રીજ અને અંડર બ્રિજનું રંગરોગાન કરવા, પેવિંગ બ્લોક અને ફૂટપાથોના સમારકામ, દબાણો દુર કરવા સહિતની તમામ બાબતોને આવરી લેવા માટે કમિશનર તુષાર સુમેરાએ ત્રણેય ઝોનના ડે. કમિશનરોથી માંડીને વોર્ડ ઓફિસરોની જવાબદારી ફિક્સ કરવા માટે ખાસ ટીમની રચના કરી છે. ડે. કમિશનર મહેશભાઈ જાનીને વડાપ્રધાન જે રૂટ પરથી પસાર થવાના છે તે એરપોર્ટથી એરપોર્ટ સુધીના તમામ રૂટ સાથે ઓવરઓલ સુપરવિઝન અને સંકલન સમિતિની જવાબદારી સોંપવામાં આવી છે. આવી જ રીતે ઈસ્ટઝોન માટે ડે. કમિશનર પી.પી. પટેલ, વેસ્ટઝોન માટે ડે. કમિશનર ચેતન નંદાણી અને સેન્ટ્રલ ઝોન માટે ડે. કમિશનર એચ.આર. પટેલની અધ્યક્ષતામાં સિટી ઇજનેરોથી માંડી વોર્ડ ઓફિસરો સુધીના તમામ કર્મચારીઓને અલગ અલગ કામગીરીની સોંપણી કરવામા આવી છે. નાયબ કમિશનર મહેશ જાનીને સંપૂર્ણ કામગીરીના સુપરવીઝનની જવાબદારી સોંપી રોડ રસ્તાની સફાઇ અંડર બ્રીજ, ઓવરબ્રીજમાં ચિત્રો, પેવિંગ બ્લોક ફૂટપાથોના સમારકામ સહિત શહેરને સ્વચ્છ સુઘડ બનાવવાની તમામ બાબતો આવરી લેવા કામગીરીનુ સુપર વિઝન કરવા, સંકલન કરવા આદેશ કરવામાં આવ્યો છે.

વિકસિત ભારત ૨૦૪૭ના દ્રષ્ટિકોણ સાથે રાજ્ય સરકાર દ્વારા આગામી જાન્યુઆરીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં રિજનલ વાઇબ્રન્ટ સમિટનું આયોજન મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિ. ખાતે કરવામાં આવ્યું છે. ત્યારે વડાપ્રધાનની મુલાકાત દરમિયાન શહેર સ્વચ્છ સુઘડ દેખાય તે માટે કમિશનર તુષાર સુમેરાએ અધિકારીઓ અને કર્મચારીઓની ટીમ બનાવીને અલગ અલગ કામગીરી સુપરત કરી છે. આમા ડે. કમિશનર મહેશભાઈ એસ. જાનીના અધ્યક્ષપદે વડા પ્રધાનના એરપોર્ટ પર આગમનથી એરપોર્ટ પરત જવા સુધીના રૂટ પરના ઓવર ઓલ સુપરવીઝન અને સંકલનની જવાબદારી સુપરત કરાઈ છે. જેમાં સિટી ઈજનેર પરેશ અઢીયા, એ.એ. રાવલ, કે.કે મહેતા, એમ. આર. શ્રીવાસ્તવ પર્યાવરણ ઇજનેર પ્રજેશ સોલંકી, પાર્કસ એન્ડ ગાર્ડનના ડાયરેક્ટર બી. આર. જકાસાણસયા અને એન્ક્રોચમેન્ટ ઓફિસર પી.જે. બારીયાને સભ્ય બનાવાયા છે.

આવી જ રીતે, ઇસ્ટઝોનના નવનિયુક્ત ડે. કમિશનર પી.પી. પટેલની અધ્યક્ષતમાં ઝોનકક્ષાની કામગીરીનું સુપરવિઝન અને સંકલન સમિતિની ટીમમાં સહ અધ્યક્ષ તરીકે સિટી ઇજનેર એમ.આર.શ્રીવાસ્તવ, સભ્યો તરીકે વોર્ડ ઇજનેરો એચ. બી.ટોળિયા, એ. એમ. વેગડ, બી.એમ. બોલાણીયા, એ. એસ. રાઠોડ, આર.બી. સોલંકી, એન. એ. મકવાણા, વેસ્ટઝોનમાં નાયબ કમિશનર સી. કે નંદાણીની અધ્યક્ષતા હેઠળની કમિટીમાં સહ અધ્યક્ષ તરીકે સિટી ઈજનેર કે. કે. મહેતા, વોર્ડ ઈજનેરો ડી.એન.કાપડિયા, વી.સી. કારીયા, બી.એન. ધામેચા, આઈ. યુ. વસાવા, અને એ.કે. સીસોદિયાને સભ્ય બનાવાયા છે.

સેન્ટ્રલ ઝોનના ડે. કમિશનર એચ. આર. પટેલની અધ્યક્ષતામાં સંકલન સમિતિમાં સિટી ઈજનેર એ.એ. રાવલ (સહ અધ્યક્ષ), તેમજ વોર્ડ ઓફિસરો એમ.સી. જોશી, એચ.એમ. કોટક, પી.એસ. પરમાર, એચ.જી.દોશી, વી.પી. પટેલીયા, અને એમ.ડી. રાઠોડને સભ્ય બનાવાયા છે. . આવી જ રીતે વોર્ડ નં.૨માં આવેલા રેસકોર્સ સંકુલના બ્યુટિફિકેશન માટે ડે.કમિશનર પી.પી. પટેલ,અટલ સરોવરના બ્યુટિફિકેશન માટે ડે. કમિશનર સી.કે. નંદાણી, શહેરના તમામ સર્કલ અને અન્ય બ્યુટિફિકેશન માટે નાયબ કમિશનર એસ.જે ધડુક, ટ્રાફિક એન્જિનિયરિંગ સંકલન સમિતિ હેઠળ તમામ જાહેર માર્ગોના ડિવાઇડરોનું જરૂરિયાત મુજબ સમારકામ, કલરકામ, સાઈનેજીસ સહિતની કામગીરી માટે સિટી ઇજનેર પી.ડી.અઢીયા, જાહેર માર્ગોની નિયમિત સફાઇ, ડિવાઇડરોની સફાઇ માટે પર્યાવરણ ઇજનેર પી.સી. સોલંકી, પ્રધુમન પાર્ક માટે ડે. કમિશનર એમ. એસ.જાની રામવન માટે સી. કે. નંદાણી, ગાંધી મ્યુઝિયમ માટે એચ.આર. પટેલ, અસ્થાયી દબાણ હટાવ માટે પી.જે.બારીયા, જાહેર માર્ગો પર સ્થાપી દબાણો દુર કરવા ઝીરો લેવલ પાર્કિંગ કરવા ટાઉનપ્લાનિંગ ઓફિસર આર. ડી પરમાર, ગાર્ડન શાખા માટે બી.આર. જાકાસણીયા પ્રચાર પ્રસાર માટે એમ.એ. ગાંધી અને એમ.ડી. ખીમસુરીયા, પ્રવાસન સ્થળની માહિતી માટે આર. કે. હિરપરા, પ્રાણી રંજાડ અંકુશ માટે યુ.જી. પટેલ, પ્રેસ મિડીયા માટે બી.ટી. રાઠોડ, સુપરવિઝન અને રિપોર્ટિંગની કામગીરી માટે એચ. પી. રૂપારેલીયા, બી.એલ કાથરોટીયા, ડી.એમ. ડોડિયા, કાર્યક્ષેત્ર હેઠળના બિલ્ડિંગો, સુપરવિઝન અને સમારકામ માટે તમામ શાખા અધિકારીઓ અને વોર્ડ ઓફિસરોને જવાબદારી સુપરત કરવામાં આવી છે.

# માદક દ્રવ્યોના દૂષણને ડામવા સરકાર ગંભીર : ડો.રાવ

## રાજકોટમાં જેલ વિભાગની DIG કચેરી અને એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની ઝોનલ કચેરીનો પ્રારંભ કરાવતા રાજ્યના જેલ અને CID (ક્રાઈમ-રેલવે) વિભાગના ડીજીપી. રાવ

રાજકોટ, તા.૧૫
કાયદાના રક્ષકોની સેવા ક્ષેત્રે રાજકોટમાં વધુ બે સેવાનો પ્રારંભ થતા ગંભીર ગુન્હાઓ પર અંકુશ આવવાનું મનાઈ રહ્યું છે. અહીના રૂરલ સાયબર પોલીસ સ્ટેશનમાં સૌરાષ્ટ્ર-કચ્છ રેન્જની જેલની ડીઆઈજી કચેરી અને નાર્કોટીક્સ ટાસ્ક ફોર્સની ઝોનલ કચેરીઓનો રાજ્યના જેલ ડીજીપી ડો.કે.એલ.એન. રાવના હસ્તે પ્રારંભ કરવામાં આવ્યો છે. લોકાર્પિત થયેલી બંને કચેરીઓથી રાજ્ય ભરની જેલો પર નજર ઉપરાંત એનડીપીએસ ગુન્હાઓ પર નિયંત્રણ તેમજ જેલ વહીવટ અને નશાબંધીના કાયદાના અમલીકરણમાં પાયાની ભૂમિકા ભજવનાર હોવાનું મનાઈ રહ્યું છે.

સમગ્ર ગુજરાતમાં હાલ ૬૫ જેલ કાર્યરત છે. જેમાં સેન્ટ્રલ, જિલ્લા અને તાલુકા સબ-જેલનો સમાવેશ થાય છે. અગાઉ આવી તમામ જેલોનું સંચાલન મર્યાદિત કેન્દ્રો પરથી થતું હતું, પરંતુ હવે વહીવટી સરળતા અને જેલોના અસરકારક નિરીક્ષણ માટે રાજ્યને ત્રણ મુખ્ય ઝોનમાં વહેંચવામાં આવ્યું હોવાનું ડીજીપી ડો.કે.એલ.એન. રાવએ જણાવ્યું હતું. ત્રણ ઝોનમાં રાજકોટ, બરોડા અને અમદાવાદનો સમાવેશ થાય છે. રાજકોટમાં શરુ થયેલી



નવી ડીઆઇજી જેલ કચેરી સૌરાષ્ટ્ર અને કચ્છની તમામ જેલો પર દેખરેખ રાખશે. ડીઆઇજીકક્ષાના ઉચ્ચ અધિકારી અહીંથી જેલના કેદીઓની શિસ્ત, જેલની સુરક્ષા અને વહીવટી પ્રશ્નોનું સીધું સંચાલન કરશે. આ વ્યવસ્થાથી જેલના પ્રશ્નોનું સ્થાનિક કક્ષાએ જ નિરાકરણ આવશે અને વડી કચેરી પરનું ભારણ ઘટશે. ડીજીપી રાવે વધુમાં કહ્યું હતું કે નવી વ્યવસ્થાથી પોલીસ અને જેલ તંત્ર વધુ આધુનિક અને વેગવંતુ બનવાની ધારણા સેવાઈ રહી છે.

તેઓએ એવું પણ જણાવ્યું હતું કે જણાવ્યું કે, સરકાર માદક દ્રવ્યોના વધતા દૂષણને ડામવા માટે અત્યંત ગંભીર છે. અગાઉ સીઆઇડી ક્રાઈમમાં માત્ર એક 'નાર્કોટિક્સ સેલ' કાર્યરત હતો, જેને હાલ 'એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ'માં રૂપાંતરિત કરવામાં આવ્યું છે. ટાસ્ક ફોર્સ સીધા એસપીકક્ષાના અધિકારીના માર્ગદર્શન હેઠળ કાર્ય કરશે. તેમજ રાજ્યમાં નશાના વેપારને તોડવા માટે સમગ્ર ગુજરાતને પાંચ ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યું છે, જેમાં રાજકોટ, અમદાવાદ, સુરત, બોર્ડર રેન્જ, અને બોર્ડર ઝોનનો પણ સમાવેશ થાય છે.

રાજકોટની નવી ઝોનલ કચેરી સૌરાષ્ટ્રમાં માદક દ્રવ્યોની હેરાફેરી અને વેચાણ રોકવા માટે ગુપ્ત માહિતી એકઠી કરશે. મોટા પાયે દરોડા પાડીને તપાસની કાર્યવાહી તેજ બનાવશે. અહીં ડીવાયએસપી અને અન્ય ઉચ્ચ અધિકારીઓ તૈનાત રહેશે, જેઓ એનડીપીએસ એક્ટ હેઠળ આવતા તમામ કેસોનું ઉંડાણપૂર્વક ઇન્વેસ્ટિગેશન કરશે. કેન્દ્રીય ગૃહ મંત્રી અને રાજ્યના મુખ્યમંત્રી તેમજ ગૃહમંત્રીના માર્ગદર્શન હેઠળ ગુજરાતને ડ્રગ્સ મુક્ત બનાવવા માટેના અભિયાનમાં આ કચેરીઓ ખૂબ મહત્વનું શસ્ત્ર સાબિત થશે.નશાના દૂષણને રોકવા માટે આ ઝોનલ ઓફિસ સ્થાનિક પોલીસ સાથે સંકલન સાધીને કામ કરશે, પરિણામે રાજ્યના યુવાધનને બરબાદ થતા અટકાવી શકાશે તેવું પોલીસ તંત્રનું માનવું છે. આ તકે પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા, એડી. સીપી મહેન્દ્ર બગરીયા, રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી વિજયસિંહ ગુર્જર, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યાં હતાં.

### એન્ટી નાર્કોટીક્સ ફોર્સ માટે વધારાનું મહેકમ મંજુર

રાજ્યમાં ખાસ કરી શહેરી વિસ્તારમાં ડ્રગ્સના દૂષણને અટકાવવા માટે રાજ્ય સરકારે તત્કાળ અસરથી એન્ટિ નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સની રચના કરવાનો નિર્ણય લીધો છે. સીઆઈડી ક્રાઈમના ઉચ્ચ અધિકારીઓના તાબામાં રહીને ટાસ્ક ફોર્સ કામગીરી કરશે. ટાસ્ક ફોર્સમાં પાંચ ડીવાયએસપી, ૧૧ પીઆઈ,૬ વાયરલેસ પીએસઆઈ સહિત કુલ ૨૨ પીએસઆઈ મળી ૧૫૪નું મહેક મંજૂર કરવામાં આવ્યું છે. ગુજરાતમાં છ નવા એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સમાં ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને બોર્ડર ઝોનમાં કાર્યરત થશે. આ ઝોનલ માળખું રાજ્યના દરેક ખૂણામાં ડ્રગ્સ નેટવર્કને તોડવામાં મદદ કરશે. જેમાં ૩૪ અધિકારી કર્મચારી સાથે હવે ૨૧૧નું મહેકમ થશે વર્તમાનમાં કાર્યરત નાર્કોટિક્સ સેલને વધુ શક્તિશાળી બનાવવા માટે આ એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ યુનિટ્સ ઊભા કરી તેમાં ૧ એસ.પી., ૬ ડીવાયએસપી અને ૧૩ પીઆઇ સહિત કુલ ૧૭૭નું વધારાનું મહેકમ મંજૂર કરવામાં આવ્યું છે. અગાઉ નાર્કોટિક્સ સેલમાં ૩૪ અધિકારી કર્મચારી હતાં, જે હવે એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ ઓપરેશનલ થતા ૨૧૧ અધિકારી કર્મચારીનું મહેકમ થશે. પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માત્ર અને માત્ર એનડીપીએસ સંબંધિત ગુનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ યુનિટ્સનું સમગ્ર સુપરવિઝન સીઆઇડી ક્રાઇમ દ્વારા કરવામાં આવનાર હોવાનું જાહેર કરાયું છે.